સુવિચાર

અનુમાન આપણા મનની કલ્પના છે, અને
અનુભવ આપણા જીવનનો પાઠ છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ધ ફર્ન હોટલમાં જુગાર કલબ પકડાઈ: ૫ વેપારી ઝડપાયા P-4

Year-16, Issue-104 ■ DATE : 07-08-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# અમેરિકાના વિરોધ વચ્ચે ભારતે રશિયા સાથે કરી જરૂરી ખનીજોની ડીલ

### બંને દેશ હવે રેર અર્થ મિનરલ્સ (દુર્લભ ખનીજો)ની શોધ અને ઉત્પાદન માટે સહયોગ કરવા જઈ રહ્યા હોવાના અહેવાલ: બંને દેશ એરોસ્પેસ સાયન્સ અને ટેકનેલોજીમાં પણ હાથ મિલાવી રહ્યા છે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના ભારે વિરોધ વચ્ચે ભારત અને રશિયા વચ્ચે ઔદ્યોગિક સંબંધો સતત મજબૂત બની રહ્યા છે. આ બંને દેશ હવે રેર અર્થ મિનરલ્સ (દુર્લભ ખનીજો)ની શોધ અને ઉત્પાદન માટે સહયોગ કરવા જઈ રહ્યા હોવાના અહેવાલ મળ્યા છે. આ ખનિજ ઈલેક્ટ્રિક ગાડીઓ, બેટરી, પવન ઉર્જા અને અન્ય ટેકનેલોજી માટે અત્યંત જરૂરી છે. આમ ભારત અને રશિયા વચ્ચે વધી રહેલા વેપાર સંબંધો અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની આંખમાં ખૂંચી રહ્યા છે.

ટ્રમ્પે ભારત પર રશિયા પાસેથી ક્રૂડ અને અન્ય ચીજો ખરીદી યુક્રેન યુદ્ધમાં તેને નાણાકીય સહાય પૂરી પાડી રહ્યુ હોવાનો આરોપ મૂકતાં ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. તેમજ પેનલ્ટી પણ ફટકારી છે. જો કે, ભારતે સ્પષ્ટપણે કહી દીધું છે કે, તેને અમેરિકાના આ નિર્ણયનો કોઈ ફરક પડતો નથી. તે પોતાના ૧.૪ અબજ નાગરિકોના હિતમાં નિર્ણય લેશે. વડાપ્રધાન મોદીએ આજે નિવેદન આપ્યું હતું કે, અમારા માટે અમારા ખેડૂતોનું હિત સૌથી ઉપર છે. ભારત પોતાના ખેડૂતો, પશુપાલકો અને માછીમાર ભાઈ-બહેનોના હિત સાથે સમાધાન કરશે નહીં.

મીડિયા રિપોર્ટ અનુસાર, ભારત અને રશિયાએ હવે ઔપચારિક રૂપે તાંબા, લિથિયમ, કોબાલ્ટ, નિકલ જેવા રેર અર્થ મિનરલ્સની શોધ અને ઉત્પાદન પર કામ કરવાનો નિર્ણય લીધો છે. આ ખનિજોની માગ વિશ્વભરમાં વધી રહી છે. ઈલેક્ટ્રિક વાહન, બેટરી સ્ટોરેજ, વિન્ડ ટર્બાઈન અને હાઈડ્રોજન એનર્જી જેવી ઉભરતી ટેકનેલોજીમાં આ દુર્લભ ખનિજોનો વપરાશ વધ્યો છે. જેથી ભારત અને રશિયા ભાગીદારી કરી ક્લિન એનર્જીના વધતા વ્યાપમાં આત્મનિર્ભર થવાની સાથે વૈશ્વિક બજારોમાં પોતાની પકડ મજબૂત બનાવશે. ભારત હવે રશિયા સાથે મળી આર્થિક અને ટેકનેલોજી મોરચે ખુલીને આગળ વધી રહ્યા છે.

દેશના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, રશિયા સાથેની ભાગીદારી માત્ર ખનિજો સુધી સીમિત નથી. બંને દેશ એરોસ્પેસ સાયન્સ અને ટેકનેલોજીમાં પણ હાથ મિલાવી રહ્યા છે. જેમાં હાઈ-ટેક વિન્ડ ટનલ સુવિધાનો વિકાસ કરશે. વેસ્ટ મેનેજમેન્ટ અને ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ રિસાયક્લિંગમાં પણ બંને દેશ સાથે મળી કામ કરશે.

ભારત અને રશિયાની મિત્રતાથી અમેરિકા અગાઉ પણ બેચેન હતું. ગઈકાલે ટ્રમ્પે વધુ એક આદેશ જાહેર કરતાં ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો હતો. અમેરિકા હવે ભારતમાંથી આયાત થતી પ્રોડક્ટ્સ પર ૫૦ ટકા ટેરિફ વસૂલી રહ્યું છે. જો કે, અમુક પ્રોડક્ટ્સમાં હજુ રાહત મળી છે. પરંતુ સૌથી વધુ નિકાસ કરતાં કપડાં, ચામડું અને એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ સેક્ટર પર માઠી અસર થઈ શકે છે.

નિષ્ણાતોના મતે, ભારત સતત ઉભરતું અર્થતંત્ર બન્યું છે. તે લગભગ તમામ સેક્ટર્સમાં આત્મનિર્ભર બનવા તરફ આગળ ગતિ કરી રહ્યું છે. વાસ્તવમાં વિશ્વની મહાસત્તા ધરાવતું અમેરિકા ભારતના ગ્રોથથી પણ હેરાન છે. વધુમાં ભારતના ફ્યુચર ટેકનેલોજી પર વૈશ્વિક સ્તરે સ્પર્ધા આપવાના ફ્યુચર પ્લાનથી પણ અમેરિકા નારાજ હોવાના અહેવાલ છે. જેથી તે ભારત પર દબાણ બનાવવા આ પ્રકારના મનસ્વી ટેરિફ વલણો અપનાવી રહ્યું છે.

ટ્રમ્પે બુધવારે રશિયા પાસેથી તેલની ખરીદી ચાલુ રાખવા બદલ ભારતમાંથી આયાત થતી ચીજવસ્તુઓ પર વધારાનો ૨૫% ટેરિફ લગાવવાના કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. આ નિર્ણય બાદ અમેરિકામાં ભારતીય ઉત્પાદનો પર લાગતો કુલ ટેરિફ હવે વધીને ૫૦% થઈ ગયો છે. ભારત પર લાદવામાં આવેલ ટેરિફ ૭મી ઓગસ્ટથી લાગુ થશે, જ્યારે બુદ્વારે આગુ કરવામાં આવેલ વધારાનો ટેરિફ ૨૧ દિવસ પછી લાગુ થશે. આ નવા નિયમ પ્રમાણે, અમેરિકન બજારમાં ભારત હવે બ્રાઝિલની સાથે સૌથી વધુ ટેરિફ ચૂકવતો દેશ બની ગયો છે. ભારતના વિદેશ મંત્રાલયે આ પગલાને 'ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ' ગણાવ્યું અને ભારપૂર્વક કહ્યું કે, દિલ્હી તેના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાનું ચાલુ રાખશે.

## ખેડૂતોનો હીત અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા: વડાપ્રધાન મોદી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની રાજધાની દિલ્હીમાં એમ.એસ. સ્વામિનાથન શતાબ્દી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરતી વખતે, પીએમએ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પને ઈશારામાં જવાબ આપ્યો. પીએમ મોદીએ કહ્યું કે તેમના માટે ખેડૂતોનું હિત અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત તેના ખેડૂતોના હિત સાથે કયારેય સમાધાન કરશે નહીં. પ્રધાનમંત્રીએ કહ્યું કે હું જાણું છું કે મારે વ્યક્તિગત રીતે મોટી કિંમત ચૂકવવી પડશે પરંતુ ભારત તેના માટે તૈયાર છે.

આ પ્રસંગે, પીએમ મોદીએ કહ્યું કે, સ્વર્ગસ્થ એમએસ સ્વામિનાથને ખાદ્ય સુરક્ષાને તેમના જીવનનું મિશન બનાવ્યું હતું. દિલ્હીમાં આયોજિત પરિષદમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, કળષિ વિજ્ઞાનમાં તેમના અગ્રણી કાર્ય માટે એમએસ સ્વામિનાથનની વ્યાપક પ્રશંસા થાય છે. તેમણે કહ્યું કે, ખેડૂતોનું કલ્યાણ ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેમની સરકારની નીતિઓ સ્પષ્ટ કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત ખેડૂતો, માછીમારો અને ડેરી ખેડૂતોના હિત સાથે કયારેય સમાધાન કરશે નહીં.

વડાપ્રધાન મોદીએ નવી દિલ્હીના પુસા ખાતે એમએસ સ્વામિનાથન શતાબ્દી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું છે. આ પરિષદનો વિષય પ્ર સદાબહાર ક્રાંતિ, જૈવ-સુખનો માર્ગ, પ્રોફેસર સ્વામિનાથનના બધા માટે ખોરાક સુનિશ્ચિત કરવાના જીવનભરના સમર્પણને પ્રતિબિંબિત કરે છે.

## ટ્રમ્પના વ્હાલા મુનીર ફરી અમેરિકાના પ્રવાસે જશે

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના લશ્કરી નેતૃત્વ સાથે અમેરિકાની મિત્રતા વધુ મજબૂત થતી જણાય છે. પરિણામે, પાકિસ્તાની આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર ફરી એકવાર અમેરિકાની મુલાકાતે જવાના છે. જનરલ મુનીર આ અઠવાડિયાના અંતમાં યુએસ સેન્ટર કમાન્ડના કમાન્ડ પરિવર્તનમાં સામેલ થશે. બે મહિનાથી ઓછા સમયમાં વોશિગ્ટનની આ તેમની બીજી મુલાકાત છે. અગાઉ, મુનીર જૂનમાં વ્હાઈટ હાઉસની મુલાકાતે ગયા હતા, જ્યાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને બંધ બારણે લંચમાં આવકાર્યા હતા.

મુનીરની વોશિગ્ટનની છેલ્લી મુલાકાત ભારત દ્વારા પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી માળખાને તોડી પાડ્યાના થોડા અઠવાડિયા પછી થઈ હતી. આ પહેલી વાર હતું જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિએ રાજકીય નેતૃત્વની હાજરી વિના પાકિસ્તાની આર્મી ચીફનું સ્વાગત કર્યું હતું. ભૂતકાળમાં, પાકિસ્તાની લશ્કરી વડા અમેરિકન રાષ્ટ્રપતિને મળ્યા છે, પરંતુ તેઓ લશ્કરી શાસન હેઠળ રાષ્ટ્રના વડા પણ હતા પાકિસ્તાની આર્મી ચીફ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે જૂનમાં બે કલાકની મુલાકાત થઈ હતી, જેમાં વેપાર, આર્થિક વિકાસ અને ક્રિપ્ટોકરન્સી પર ચર્ચા કરવામાં આવી હતી. ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સંઘર્ષ અટકાવવા બદલ જનરલ મુનીરની પ્રશંસા કરી અને કહ્યું, હું તેમને અહીં ઈચ્છતો હતો કારણ કે હું યુદ્ધમાં ન જવા અને તેને સમાપ્ત કરવા બદલ તેમનો આભાર માનવા માંગતો હતો.

## જો રસ્તાઓ બિસ્માર હાલતમાં હોય તો ટોલટેક્ષ વસુલી ન શકાય: કેરળ હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, કોચી**

રાજકોટ-જેતપુરનાં ખરાબ રસ્તાને કારણે ટોલટેક્સની વસુલાત અટકાવવા લડત ચાલી રહી છે તેવા સમયે કેરળ હાઈકોર્ટે ભંગાર રસ્તાની વાત સ્વીકારીને એક મહિના માટે હાઈવે ટોલ ટેકસની વસુલાત બંધ કરવાનો આદેશ કર્યો છે. આ ચુકાદાની તીવ્ર અસર થઈ શકવાની નેશનલ હાઈવે ઓથોરીટીની દલીલ ફગાવી દીધી હતી.

કેરળ હાઈકોર્ટે રાજયનાં ઈડાયેલી મનુથી હાઈવે પરનાં ટોલનાકાની ટોલ વસુલાત બાદ સપ્તાહ માટે રોકી દેવાનો આદેશ કર્યો છે. હાઈકોર્ટે કહ્યું કે, સુરક્ષીત, નિયંત્રીત અને કોઈ વિઘ્ન વિનાના રસ્તા ન હોવા તો લોકોને ટોલટેકસ ચુકવવાનું કહી ન શકાય. રસ્તા પર ટ્રાફીક વાહનો સરળતાથી પસાર થઈ શકે તે માટે નેશનલ હાઈવે ઓથોરીટીની જવાબદારી છે.

ઈડાપેલી-મનુથી હાઈવેની ભંગાર હાલત હોવા છતાં ટોલ વસુલાત સામે હાઈકોર્ટમાં અરજી થઈ હતી. સર્વીસ રોડ ખરાબ હોવા છતા નિર્માણ કાર્ય થતુ હોવાનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો.

આ અરજી પર સુનાવણી બાદ હાઈકોર્ટની બેંચે ચુકાદામાં કહ્યું કે, આ હાઈવે પરથી ટોલ ટેકસ વસુલાત એક મહિનો બંધ રાખવા આદેશ કરવામાં આવે છે અને આ સમયગાળામાં વાહન ચાલકોની ચિંતા ફરીયાદોનું નિવારણ કરવા કેન્દ્ર સરકારને તાકીદ કરવામાં આવે છે.

હાઈવે પરનો ટ્રાફીક સરળતાથી પસાર થાય તેની જવાબદારી નેશનલ હાઈવે ઓથોરીટીની જવાબદારી છે તેના દ્વારા જાહેર વિશ્વાસનો ભંગ થાય ત્યારે લોકોને ટોલ ચુકવવાની ફરજ પાડી ન શકાય.

આ કેસમાં હાઈવે ઓથોરીટીએ એવી દલીલ કરી હતી કે, ટોલ ટેકસ વસુલાતનો કોન્ટ્રાકટ અપાયો હોય છે. અને કરાર કાયદા હેઠળ તેના તીવ્ર પ્રત્યાઘાત પડી શકે છે. અદાલતે આ દલીલ ફગાવીને એમ કહ્યું કે, ટોલના બદલામાં અપેક્ષીત સારા રસ્તાની સુવિધા મળી શકતી ન હોય તો ખાનગી કરારને આગળ ધરીને ટોલ વસુલાત ચાલુ રાખવાની દલીલ સ્વીકારી ન શકાય. અદાલતે એમ પણ ક્હયું કે, હાઈવે ઓથોરીટીએ લોકહીતની અવગણના કરી છે અને લોકોની ફરિયાદોને હળવાશથી લીધી છે. ફેબ્રુઆરી ૨૦૨૫ થી ફરીયાદો થતી હતી. રજુઆતો થઈ હતી. છતાં કોઈ નકકર કામગીરી કરવામાં આવી ન હતી. સરકારના કોઈ વહીવટી માપદંડો ન હોવાની અને આવા મુદ્દે દરમ્યાનગીરી કરવાની તાકીદ કરી હતી.

## જમ્મુ-કાશ્મીરમાં CRPFની ટ્રક ખીણમાં ખાબકતા ૩ જવાનો શહીદ, ૧૫ ઘાયલ



**મુખ્ય સમાચાર, જમ્મુ કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં એક મોટો અકસ્માત થયો છે. આજે સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે બસંતગઢના કંડવા વિસ્તારમાં ની એક ટ્રક બેકાબૂ થઈને લગભગ ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૩ જવાનો શહીદ થયા છે અને ૧૫ ઈજાગ્રસ્ત થયા છે. તેમજ ઈજાગ્રસ્તોની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે.

આ અકસ્માત અંગે જાણકારી આપતા ઉધમપુરના એસપીએ કહ્યું છે કે, પોલીસ અને રાહત ટીમ ઘટનાસ્થળે પહોંચીને તરત જ બચાવ કામગીરી શરૂ કરી હતી. અકસ્માતનું કારણ ખરાબ રસ્તો અથવા ટ્રકમાં કોઈ ટેકનિકલ ખામી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે, 'ગુરુવારે જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની ટ્રક રસ્તા પરથી સ્લીપ થઈને ખીણમાં પડી ગઈ. આ દુર્ઘટનામાં ત્રણ જવાનો શહીદ થયા અને ૧૫ ઘાયલ થયા. આ ઘટના સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે કંડવા વિસ્તારમાં બની. તે સમયે જવાનો બસંતગઢથી એક ઓપરેશન કરીને પરત ફરી રહ્યા હતા. વાહનમાં અર્ધલશ્કરી દળની ૧૭૯મી બટાલિયનના જવાનો સવાર હતા.'

**ટ્રમ્પનો ટેરિફ બોમ્બ**

## ભારત પર ૨૫% ટેરિફનો આજથી અમલ

### ભારતના નિકાસ, વેપાર સંબંધો અને સામાન્ય ગ્રાહકોને સીધી અસર કરશે: ભારત પર વધારાના ૨૫% ટેરિફનો ૨૭ ઓગસ્ટથી અમલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત ઘણા દેશો પર લાદવામાં આવેલા નવા ટેરિફ નિયમો આજથી, ગુરુવારથી અમલમાં આવી રહ્યા છે. આ પરસ્પર ટેરિફ ભારતના નિકાસ, વેપાર સંબંધો અને સામાન્ય ગ્રાહકોને સીધી અસર કરી શકે છે.

ટ્રમ્પે સૌપ્રથમ ૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ આ ટેરિફની જાહેરાત કરી હતી. જોકે, વોલ સ્ટ્રીટ અને રિપબ્લિકન નેતાઓના દબાણને કારણે, તેમણે એક અઠવાડિયા પછી જ ૯૦ દિવસનો વધારો આપ્યો. આ સમયગાળો, જે જુલાઈની શરૂઆતમાં સમાપ્ત થવાનો હતો, તેને ફરીથી ૧ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવ્યો હતો, અને હવે આ ટેરિફ ૭ ઓગસ્ટ એટલે કે આજથી અમલમાં આવી રહ્યા છે.

૩૦ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ટ્રમ્પે ભારતમાંથી આયાત થતી વસ્તુઓ પર ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત કરી. આ પછી, ૬ ઓગસ્ટના રોજ, તેમણે બીજો મોટો નિર્ણય લીધો અને ભારત પર વધારાનો ૨૫% ટેરિફ લાદવાની જાહેરાત કરી. ટ્રમ્પે આનું કારણ ભારત દ્વારા રશિયા પાસેથી સીધી કે આડકતરી રીતે ક્રૂડ ઓઈલ ખરીદવાને ગણાવ્યું. આ નિર્ણય પછી, કુલ ૫૦% ટેરિફ હવે ભારત પર લાગુ થશે.

શરૂઆતનો ૨૫% ટેરિફ ૭ ઓગસ્ટ, ૨૦૨૫થી અમલમાં આવી રહ્યો છે, જ્યારે વધારાનો ૨૫% ટેરિફ ૨૧ દિવસ પછી, એટલે કે ૨૭ ઓગસ્ટથી અમલમાં આવશે. આ પહેલી વાર છે જ્યારે ટ્રમ્પે રશિયા સાથે વેપાર કરતા દેશ પર સેકન્ડરી ટેરિફનો ઉપયોગ કર્યો છે.

ભારત સરકારે અમેરિકાના આ નિર્ણયની સખત નિંદા કરી છે. વિદેશ મંત્રાલય એ એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે અમેરિકાનું આ પગલું અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે અને ભારત તેના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ભારતે સ્પષ્ટ કર્યું કે તેની તેલ આયાત નીતિ સંપૂર્ણપણે બજાર આધારિત છે અને તેનો ઉદ્દેશ્ય ૧.૪ અબજ લોકોની ઉર્જા સુરક્ષા સુનિતિ કરવાનો છે.

વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું કે ઘણા અન્ય દેશો પણ તેમના રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને વેપાર કરી રહ્યા છે, તેથી ફક્ત ભારતને નિશાન બનાવવું અન્યાયી, અન્યાયી છે. ભારતે પુનરોચ્ચાર કર્યો કે તે તેના હિતોનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે.

આ ટેરિફ લાગુ થયા પછી, ભારત-અમેરિકા વેપાર સંબંધોમાં તણાવ વધવાની ખાતરી છે. ભારતીય કંપનીઓ પર વધારાનું આર્થિક દબાણ આવી શકે છે અને તેની અસર વેપારીઓ સુધી પણ પહોંચી શકે છે. આગામી દિવસોમાં, એ જોવું પડશે કે ભારત આ મુદ્દાને આંતરરાષ્ટ્રીય મંચો પર કેવી રીતે ઉઠાવે છે અને અમેરિકા સાથે રાજદ્વારી સ્તરે વાતચીત કઈ દિશામાં જાય છે.



ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ વોર વકરવા લાગતા શેરબજારમાં અસર દેખાવી શરૂ થઇ ગઇ હોય તેમ આજે પ્રારંભિક કામકાજમાં સેન્સેકસમાં ૪૫૦ પોઇન્ટથી વધુનું ગાબડુ પડયું હતું. બીજી તરફ સોના-ચાંદીમાં તેજી થઇ હતી જયારે આશ્ચર્યજનક રીતે કરન્સી માર્કેટ ખાસ કોઇ ઇફેકટ આવી ન હોય તેમ ડોલર સામે રૂપિયો મજબુત થયો હતો.

## રાજકોટમાં ૪૧ કિ.મી. મેટ્રો રેલ સેવાનો પ્રોજેકટ વિલંબમાં

### લોકસભામાં રાજકોટના સાંસદ રૂપાલાના સવાલ પર રેલવેપ્રધાનનો જવાબ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં ૪૧ કિ.મી.ની મેટ્રો રેલ સેવા માટે રાજ્ય સરકારે દરખાસ્ત કરી હતી પરંતુ ૧૦૪૨૭ કરોડના જંગી ખર્ચના અંદાજને કારણે ફેરચકાસણી જરૂરી લાગતા પ્રોજેકટ વિલંબમાં પડયો છે.

રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલાએ ગુજરાતના રેલ પ્રોજેકટ તથા તેનાથી પર્યાવરણીય નુકશાન વિશે લોકસભામાં પુછેલા પ્રશ્નના જવાબમાં રેલવેપ્રધાને ૩૬ પ્રોજેકટોની વિગતો આપી હતી.

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે પ્રશ્નના જવાબમાં કહ્યું, ગુજરાત રાજ્યમાં સંપૂર્ણપણે/અંશત આવરી લેતી રેલવે માળખાકીય પરિયોજનાઓ ભારતીય



રેલવેના પશ્ચિમ રેલવે અને ઉત્તર પશ્ચિમ રેલવે ઝોન હેઠળ આવે છે.

તારીખ ૧-૪-૨૦૨૫ની સ્થિતિ અનુસાર, ગુજરાત રાજ્યમાં સંપૂર્ણપણે/અંશત આવરી લેતી રૂ. ૩૦,૨૭૫ કરોડના ખર્ચવાળી કુલ ૨૫૬૪ કિલોમીટર લંબાઈની ૩૬ રેલ પરિયોજનાઓ (૬ નવી લાઈન, ૧૭ ગેજ પરિવર્તન અને ૧૩ ડબલિંગ)ને મંજૂર કરવામાં આવી છે, જેમાંથી ૮૬૩ કિલોમીટર લંબાઈને કાર્યરત કરવામાં આવી છે અને માર્ચ ૨૦૨૫ સુધીમાં રૂ. ૧૨,૮૬૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં તમામ મોટી રેલવે નેટવર્ક લાઇનનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે. નવી લાઈન, મલ્ટી ટ્રેકિંગ પરિયોજનાઓને વિદ્યુતીકરણ સાથે મંજૂર કરવામાં આવી છે.

અમદાવાદ મેટ્રો રેલ - પ્રથમ તબક્કામાં ૪૦ કિમી કાર્યરત છે. જેનો ૧૦૭૭૩ કરોડ ખર્ચ થયો છે. બીજા તબક્કામાં ૨૮ કિમી પૈકી ૨૩ કિમીનું કામ પૂર્ણ થયું છે. આ માટે ૫૩૮૪ કરોડનો ખર્ચ થયો છે. સુરત મેટ્રો રેલ યોજના ૪૦ કિમીને આવરી લેશે અને આ માટે ૧૨,૦૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

આ ઉપરાંત પ્રધાને રાજકોટમાં મેટ્રો રેલ યોજના અંગે માહિતી આપતાં જણાવ્યું, ગુજરાત સરકારે ૪૧ કિલોમીટર લાંબી રાજકોટ મેટ્રો રેલ યોજનાને મંજૂરી આપી છે. જેનો અંદાજિત ખર્ચ ૧૦,૪૨૭ કરોડ રૂપિયા છે. મેટ્રો યોજનાનો વધારે પડતાં ખર્ચના કારણે તેનું વિવિધ સ્તરો વ્યાપક મૂલ્યાંકન અને તપાસની જરૂરિયાત છે.

## મોતના બદલામાં મોત એ કાયમ ન્યાય હોઈ શકે નહી: કોલકતા હાઈકોર્ટ



**મુખ્ય સમાચાર, કોલકતા**

દેશમાં મૃત્યુદંડની સજા હોવી જોઈએ કે નહી તે અંગે અનેક વખત વિવાદ સર્જાય છે. વિશ્વના અનેક દેશો આ સજા રદ કરી ચૂકયા છે તે સમયે કોલકતા હાઈકોર્ટ એક ચૂકાદામાં ૨૨ વર્ષના યુવાનની ફાંસીની સજાને આજીવન કારાવાસમાં પલટાવતા એક મહત્વના વિધાનમાં જણાવ્યુ કે, કાનૂન લોહી તરસ્યો નથી અથવા મોતના બદલામાં મોત એ કાયમ ન્યાય હોઈ શકે નહી.

હાઈકોર્ટ કાનૂનના મુળભૂત સિદ્ધાંતને પણ આગળ ધપાવતા કહ્યું કે, સજાનો અર્થ વ્યક્તિને સુધરવાની તક આપવાનો છે બદલો લેવાનો નથી. કોલકતા હાઈકોર્ટની જલપાઈગુરી સર્કિટ બેન્ચ દ્વારા ૨૦૨૩માં લુંટના પ્રયાસ સમયે ૨૨ વર્ષના મેહતાબ કોર્ટે આફતાબને ફાંસીની સજા કરી હતી જેની હત્યા થઈ તે કૌટુંબિક કાકાએ જ આફતાબને તેના પિતાના મૃત્યુ બાદ સાથે રાખીને મોટો કર્યો હતો.

કોર્ટે તેની પણ નોંધ લેતા કહ્યું કે, આ તો દગાખોરી પણ છે પણ બાદમાં હાઈકોર્ટમાં આ ફાંસીની સજા મંજુરી માટે જતા ન્યાયમૂર્તિ સવ્યસાચી ભટ્ટાચાર્ય તથા ઉદયકુમારની ખંડપીઠે તેના ૪૭ પાનાના ચૂકાદામાં ટ્રાયલ કોર્ટની મૃત્યુદંડની સજા રદ કરતા જણાવ્યું કે, ટ્રાયલ કોર્ટ વાસ્તવિકતા કરતા લાગણીમાં વધુ ચાલી ગઈ છે અને આ પ્રકારનો ચૂકાદો આપ્યો છે.

ફાંસીની સજા કે મૃત્યુદંડમાં રેરેસ્ટ ઓફ રેરનો જે માપદંડ છે તે આ કેસમાં લાગુ થયો નથી. હાલમાં જે રીતે જેલ શબ્દને બદલે કારાવાસનો ઉપયોગ થાય છે અને તેનાથી પણ આગળ વધીને સુધારણા ગૃહ કહેવાય છે તે દર્શાવે છે કે કાનૂનમાં વધુ સિવિલાઈઝવ- સભ્યતા ભર્યા સમાજનું નિર્માણ કરવાનો હેતુ છે. તેઓ તેને લોહી તરસ્યો કે બદલાની ભાવના મુજબ ગણી શકો નહી. આપણે અપરાધને ચિકકારવાનો છે અને અપરાધને નહી.

આ કેસમાં આફતાબ પુખ્ત વયનો થયા બાદ તે દિલ્હી ચાલ્યો ગયો હતો અને તેના કાકા સાથે રહેતો ન હતો. તેથી અહી વિશ્વાસ ભંગ કે દગાખોરીનો સિદ્ધાંત લાગુ કરી શકાય નહી અને ટ્રાયલ કોર્ટે તેના પર આધાર રાખ્યો છે જેમાં કોઈ પુરાવા નથી.

અપરાધના સમયે તે લાંબા સમયથી કુટુંબથી અલગ હતો. આફતાબે તેના કાકાની ચાકુના ઘા મારી હત્યા કરી હતી. કાકીની પણ હત્યા કરવા પ્રયાસ કર્યો પણ તે બચી ગયા હતા તે લુંટના ઈરાદે અન્ય પાંચ સગીરો સાથે કાકાના ઘરે પહોંચ્યો હતો.

હાઈકોર્ટે જણાવ્યું કે આફતાબ હત્યા કરવાના ઈરાદે આવ્યો ન હતો. તેણે પોતાના જ આધારકાર્ડથી એક હોટેલમાં રૂમ મેળવ્યો હતો તે રીઢો અપરાધી પણ નથી તે લુંટ કરવા આવ્યો અને હત્યા કરી બેઠો હતો જે પ્રોફેશનલ લુંટારુ નથી તે સાબીત કરે છે.

# રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ થકી ખીજડીયાના બે વર્ષીય રોનકના જીવનમાં ફરી રોનક છવાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના ખીજડિયા ગામના એક ગરીબ શ્રમિક પરિવારના બે વર્ષના બાળકને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ વિનામૂલ્યે મળેલ સારવાર અને હૃદયના સફળ ઓપરેશનને કારણે નવજીવન મળ્યું છે.જામનગર તાલુકાના મોટી બાણુગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા ખીજડિયા ગામમાં મજૂરી કામ કરતા મહેશભાઈ શિપરિયાના ઘરે ૯-૪-૨૦૨૩ના રોજ રોનકનો જન્મ થયો હતો. જન્મ સમયે બાળકનું વજન સામાન્ય હતું, પરંતુ સમય જતાં તે વારંવાર બીમાર પડવા લાગ્યો અને તેનું વજન પણ ઘટતું જતું હતું.આ પરિસ્થિતિમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. નુપુર પ્રસાદ અને તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. જીગ્નેશ પટેલના માર્ગદર્શન હેઠળ કામ કરતી ટીમના ડૉ. આસીફ ભટ્ટી અને ડૉ. પ્રિયંકા રાબડીયાએ બાળકની ગૃહ મુલાકાત દરમિયાન આ લક્ષણો જોયા. તેમણે પરિવારને તાત્કાલિક જી.જી. હોસ્પિટલમાં તપાસ કરાવવાની સલાહ આપી, પરંતુ પરિવાર કોઈને કોઈ કારણોસર તપાસ કરાવવામાં વિલંબ કરતો હતો.આખરે, ૧૯-૦૨-૨૦૨૫ના રોજ જ્યારે આરોગ્ય ટીમ ફરીથી બાળકની મુલાકાતે ગઈ, ત્યારે તેની તબિયત વધુ ગંભીર જણાતાં ટીમે પરિવારને તાત્કાલિક હોસ્પિટલ જવાની સમજાવટ કરી અને સંદર્ભ કાર્ડ સાથે બાળકને જી.જી. હોસ્પિટલ રીફર કર્યો.જી.જી. હોસ્પિટલ દ્વારા બાળકનો ECG, 2D-ECHO અને બ્લડનો રિપોર્ટ કરવામાં આવ્યો તેમાં રોનકને Congenital Heart Disease (CHD) એટલે કે હૃદયમાં જન્મજાત કાણું હોવાનું નિદાન થયું. આ સમાચારથી પરિવાર ચિંતિત થઈ ગયો, પરંતુ જી.જી. હોસ્પિટલ અને ની ટીમે તેમને હિંમત આપી અને વધુ સારી સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે રીફર કર્યો.યુ.એન. મહેતા હોસ્પિટલમાં નિષ્ણાત ડૉક્ટરોની ટીમે ૩-૪-૨૦૨૫ના રોજ બાળક રોનકનું સફળ ઓપરેશન કર્યું. આ ઓપરેશન બાદ ૮ દિવસની સારવાર પછી બાળકને રજા આપવામાં આવી. હાલમાં રોનક સ્વસ્થ છે અને સામાન્ય જીવન જીવી રહ્યો છે.આ સમગ્ર સારવાર અને હૃદયના કાણાનું ઓપરેશન રાજ્ય સરકારના RBSK કાર્યક્રમ હેઠળ તદ્દન વિનામૂલ્યે કરવામાં આવ્યું હતું.રોનકના માતા-પિતાએ ડૉક્ટરો અને આરોગ્ય તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. આ ઘટના દર્શાવે છે કે ગુજરાત સરકારની આરોગ્યલક્ષી યોજનાઓ ગરીબ અને.જરૂરિયાતમંદ પરિવારો માટે ખરેખર અસરકારક સાબિત થઈ રહી છે.

# જામનગર જિલ્લામાં જુગારના આઠ દરોડામાં ૪૪ શખ્સો ઝડપાયા: પાંચ મહિલા નાસી ગઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર-જિલ્લામાં પોલીસે શ્રાવણિયા જુગાર પર દરોડા અવિરત રાખ્યા છે. પોલીસે જિલ્લામાં બુટાવદર, નાના પાંચદેવડા, તારાણા, અલિયા, દરેડ, સિક્કા, ગોલણિયા અને રામપર સહિત કુલ આઠ સ્થળોએ દરોડા પડી ૪૪ શખ્સોને ઝડપી લીધા હતાં. જ્યારે પાંચ મહિલાઓ નાસી જતાં પોલીસે તેને ફરાર જાહેર કરી છે. સ્થળ પરથી પોલીસે રૂ.૧.૪૫ લાખની ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી છે.

શેઠવડાળાના બુટાવદર ગામે સોસાયટી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમી રહેલાં પરબતભાઇ વાલાભાઇ મકવાણા, લખણભાઇ ઉર્ફે કારો ડાયાભાઇ મકવાણા, રાજેશભાઇ બાબુભાઇ બેડવા, કિશોરભાઇ રામાભાઇ બેડવા, માધાભાઇ બાબુભાઇ સોલંકી, મનોજભાઇ રણજીતભાઇ મકવાણા નામના છ શખ્સોને રંગેહાથ ઝડપી લઈ રૂ.૧૦૧૨૦ રોકડા, રૂ.૨૦,૦૦૦ ની કિંમતના ચાર ફોન અને રૂ.૧૦,૦૦૦ની કિંમતનું એક મોટરસાઇકલ સહિત કુલ રૂ.૪૦,૧૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. કાલાવડના પાંચદેવડા ગામની સીમ વિસ્તારમાં આવેલ તળાળની બાજુમાં ઝાડ નીચે જામેલી જુગારની મહેફીલ પર પોલીસે દરોડો પાડી પાના ટીંચી રહેલાં મુકેશભાઇ રામજીભાઇ બેરા, બાબુભાઇ ઓસમાણભાઇ આદમાણી, કિશોરભાઇ અરજણભાઇ મકવાણા, રાજેશભાઇ રણછોડભાઇ વાટલીયા, સલીમભાઇ બાવાભાઇ મુદ્રાક, સાહીદભાઇ બશીરભાઇ આદમાણી, મહેશભાઇ નરશીભાઇ તાળા નામના સાત જુગારીઓને ઝડપી લઇ તેના કબ્જામાંથી રૂ.૪૮,૪૮૦ ની રોકડ રકમ જપ્ત કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જોડિયાના સ્ટાફે તારાણા ગામે જાહેરમાં જુગાર રમી રહેલાં ચમનભાઇ પરસોતમભાઇ સોલંકી, રવિભાઇ મનોજભાઇ સોલંકી, વિક્રમભાઇ લીંબાભાઇ સોલંકી નામના પાંચ પંટરોને રૂ.૧૫,૪૯૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.અલિયા ગામે સીતારામ નગર નિશાળની પાછળ જુગાર રમી રહેલાં માનસીંગભાઇ ગોવાભાઇ, વજુભાઇ વીરજીભાઇ, કિશોરભાઇ ચનાભાઇ સોલંકી નામના ત્રણ શખ્સોની રૂ.૫૩૦૦ ની રોકડ સાથે અટકાયત કરી હતી. જ્યારે જામનગર શહેર નજીકના દરેડ ગામે તક્ષશિલા સોસાયટીમાં જાહેરમાં પાના ટીંચતા હિતેશભાઈ દુદાભાઈ ટોયટા, રામદેભાઈ કરશનભાઈ વકાતર, પરબતભાઈ પીઠાભાઈ માડમ, વેજાણંદભાઈ સાજણભાઈ નગારીયા, સનોજભાઈ ગોરખનાથ મલા, જમનભાઈ ગોવિંદભાઈ અભંગી નામના સાત શખ્સોને રૂ.૬૬૫૦ ની રોકડ સાથે ઉઠાવી લીધા હતાં.સિક્કામાં ભગવતી સોસાયટીમાં રામાપીરના મંરિદ પાસે જુગાર રમી રહેલાં સોનીયાભાઇ જેન્તીભાઇ મકવાણા, મુકેશ જેઠાભાઇ સોલંકી, અમરજસિંઘ કરણસિંઘ રાઠોડ, હેમંત અશોકભાઇ પરમાર નામના ચાર શખ્સોને રૂ.૫૦૪૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.કાલાવડ ગોલણિયા ગામે ખુલ્લા પટ્ટમાં જાહેરમાં જુગટું રમી પૈસાની હારજીત કરતાં પિયુષગીરી દિનેશગીરી ગૌસ્વામી, કૈલાશગીરી દિનેશગીરી ગૌસ્વામી, નરેન્દ્રભાઇ ભોજાભાઇ સીંગલ, ભરતભાઇ મનજીભાઇ વાદી, ખોડાભાઇ પુંજાભાઇ લાંબરીયા, લખનભાઇ રાજેશભાઇ જાની, ભીખાભાઇ ગોવાભાઇ વાઘેલા નામના સાત પંટરોની અટકાયત કરી તમામ પાસેથી રૂ.૧૩,૭૫૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી. ઉપરાંત કાલાવડના રામપર ગામે ચોર પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે ગંજીપાના વડે જુગાર રમી રહેલાં ઇમરાનભાઇ લાખાભાઇ સમા, અલીભાઇ ગુલમામદભાઇ નોયડા, બાબુભાઇ પોપટભાઇ સાવલીયા, જમનભાઇ ધનજીભાઇ સંચાણીયા, વિશાલભાઇ પરશોતમભાઇ સીતાપરા નામના પાંચ શખ્સોને ઝડપી લીધા હતાં. જ્યારે મનીષાબેન બાબુભાઇ સાવલીયા, રેશ્માબેન રફિકભાઇ દરજાદા, મમતાબેન સાદિકભાઇ સમા, હનીશાબેન અબ્બાસભાઇ સમા નામના પાંચ મહિલાઓ નાસી ગઈ હતી. પોલીસે પકડાયેલા શખ્સો પાસેથી રૂ.૧૦,૨૩૦ ની રોકડ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# જસદણમાં ૧.૩૧ કરોડના વિદેશી દારૂની ૨૩ હજાર બોટલોનો બુલડોઝર ફેરવી નાશ કરાયો



**મુખ્ય સમાચાર, જસદણ**
**અહેવાલ - બિજલ ભેસજાળીયા**

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે જસદણ પોલીસે એક મોટી કાર્યવાહી કરી હતી. જસદણના જૂના રેલવે સ્ટેશન નજીક જસદણ સહિત આટકોટ, ભાડલા અને વિંછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જપ્ત કરવામાં આવેલા કુલ રૂ. ૧.૩૧ કરોડની કિંમતના વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. આશરે ૨૩ હજાર દારૂની બોટલો પર બુલડોઝર ફેરવીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં જુદા જુદા પોલીસ સ્ટેશનોમાંથી પકડાયેલા દારૂનો જથ્થો સામેલ હતો. જેમાં આટકોટ પોલીસ સ્ટેશન રૂ. ૭૭.૪૧ લાખ, ભાડલા પોલીસ સ્ટેશન રૂ. ૪૧.૪૭ લાખ, વિંછીયા પોલીસ સ્ટેશન રૂ. ૩.૬૭ લાખ અને જસદણ પોલીસ સ્ટેશન રૂ. ૬.૯૨ લાખનો દારૂ નાશ કરવામાં આવ્યો હતો. આ દારૂના નાશની કામગીરી દરમિયાન જસદણ પ્રાંત અધિકારી, , , અને અન્ય પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા. આ કાર્યવાહી પોલીસની દારૂબંધીને સફળ બનાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે અને સમાજમાં કાયદાનું પાલન સુનિશ્ચિત કરવાનો એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે.

# લાલપુર તાલુકાનું જોગવડ ગામ કોલેરાગ્રસ્ત જાહેર કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામમાંથી કોલેરાનો પોઝિટિવ કેસ નોંધાયેલ છે. જેનો ફેલાવો અટકાવવા માટે તથા આ વિસ્તારને કોલેરા રોગગ્રસ્ત અને તેની આજુબાજુનો ૨ કિ.મી.નો વિસ્તાર કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરાયો હોવાનું જાહેરનામું જામનગર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.જાહેરનામા મુજબ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અન્વયે જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામમાંથી કોલેરાનો પ્રોઝિટીવ કેસ નોંધાયેલ હોવાથી આ વિસ્તારને કોલેરા રોગગ્રસ્ત વિસ્તાર જાહેર કરવા અને તેની આજુબાજુના ૨ કિ.મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા માટે દરખાસ્ત મળેલી છે. તેથી કોલેરા રોગનો ફેલાવો થતો અટકાવવા માટે અને તાત્કાલિક પગલા લેવા માટે એપેડેમીક ડીસીઝ એક્ટ નંબર ૩ ઓફ ૧૮૯૭ અન્વયે જોગવડ ગામને કોલેરા રોગગ્રસ્ત વિસ્તાર તરીકે અને તેની આસપાસના ૨ કી.મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે.


આ વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી, લાલપુરની કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્તિ કરી નિયંત્રણ હેઠળની તમામ સત્તાઓ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એનાયત કરવામાં આવી છે.

# જસદણની સોલીટેર સોસાયટીમાં બંધ મકાનોને નિશાન બનાવી ચોરી, CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ

**મુખ્ય સમાચાર, જસદણ**
**અહેવાલ - બિજલ ભેસજાળીયા**

જસદણ શહેરના આટકોટ રોડ પર આવેલી સોલીટેર સોસાયટીમાં ગત મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ બે બંધ મકાનોના તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. મકાન માલિકો બહારગામ હોવાનો લાભ ઉઠાવી તસ્કરોએ ઘરવખરી વેરવિખેર કરી નાખી હતી. આ ઉપરાંત, એક મકાનની બહાર પડેલી બાઇકની પણ ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

ચોરીની આ સમગ્ર ઘટના બાજુના મકાનમાં લાગેલા કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સીસીટીવી



ફૂટેજમાં તસ્કરોની હિલચાલ સ્પષ્ટ દેખાઈ રહી હતી. બંધ મકાનોના દરવાજાના તાળા તોડી તસ્કરોએ કબાટમાં રાખેલી રોકડ રકમની ચોરી કરી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

આ ઘટનાની જાણ થતાં જસદણ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરી તેના આધારે અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી હતી. આ સોસાયટીમાં અવારનવાર ચોરીની ઘટનાઓ બનતી હોવાથી રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે. તેમણે જસદણ પોલીસ દ્વારા આ વિસ્તારમાં કાયમી પેટ્રોલિંગ કરવામાં આવે તેવી માંગણી કરી છે.

# વિછીયામાં હિટ એન્ડ રન' વોકીંગમાં નીકળેલા વૃદ્ધનું અજાણ્યા વાહનની ઠોકરે મોત

**મુખ્ય સમાચાર, જસદણ**
**અહેવાલ - બિજલ ભેસજાળીયા**



જસદણના વિંછીયામાં હિટ એન્ડ રનની ઘટનામાં વિજયભાઇ નરોત્તમભાઇ પરમાર (ઉ.વ.૫૯)નું ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે.

પ્રાપ્ત વિગત મુજબ, વિછીયા રહેતાં વિજયભાઇ પરમાર ગઇકાલે સવારે વોકીંગમાં નીકળ્યા હતા. ત્યારે વિછીયામાં બસ સ્ટેશન પાસે અજાણ્યો વાહનચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. જ્યાં તેમનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. વિજયભાઇ દરજી કામ કરી ગુજરાન ચલાવતાં હતાં અને તે ત્રણ ભાઇમાં મોટા હતાં. આ બનાવમાં પોલીસે વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# કારમાંથી ૪૮૧ નંગ ઇંગ્લિશ દારૂની બોટલોનો માતબર જથ્થો પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલથી જોડિયા તરફ જવાના માર્ગે રેઢી પડેલી એક કારમાંથી ૪૮૧ નંગ ઇંગ્લિશ દારૂની બોટલોનો માતબર જથ્થો મળી આવ્યો છે. ધ્રોલ પોલીસે રૂપિયા ૧૨.૪૬ લાખની માલમતા કબજે કરી વાહનના રજિસ્ટ્રેશન નંબરના આધારે બુટલેગરોની શોધખોળ હાથ ધરી છે.ધ્રોળની પોલીસ ટુકડીને ચોક્કસ બાતમી મળી હતી કે ધ્રોળ જોડીયા તરફના માર્ગે એક કારમાં ઇંગ્લીશ દારૂની હેરાફેરી થઈ રહી છે, જેથી ગઈકાલે રાત્રિના સવા બારેક વાગ્યાના અરસામાં ધ્રોલની પોલીસ ટુકડી જોડિયા રોડ તરફ દોડી ગઈ હતી.

જે દરમિયાન રસ્તામાં એચ.આર.૭૦ જી. ૬૦૮૭ નંબરની એક ક્રેટા કાર રેઢી પડેલી મળી આવી હતી. જેથી પોલીસે કારની તલાસી લેતાં તેની અંદરથી ૪૮૧ નંગ



ઇંગ્લિશ દારૂની બાટલીનો માતબર જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કાર અને ઇંગ્લિશ દારૂ સહિત રૂપિયા ૧૨,૪૬,૭૮૦ ની માલમતા કબજે કરી લીધી છે, જ્યારે વાહનના રજીસ્ટ્રેશન નંબરના આધારે દારૂના ધંધાર્થી અથવા કાર માલિકની શોધખોળ હાથ ધરી છે.

# કણકોટ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવતા વર્ધમાન વિહાર સોસાયટીમાં વિકાસની હારમાળા

### ૧૦૮ રાજાભાઈ ચાવડા લોકો ના કામ અને વિકાસ એ અમારો ઉદ્ધેશ છે

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

કણકોટ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવતા વર્ધમાન વિહાર સોસાયટીમાં રાજકોટ તાલુકા પંચાયતના પ્રમુખ ચેતનભાઈ કથીરિયા ની ગ્રાન્ટ માથી રૂ.૫.૧૦ લાખ ના ભૂગર્ભ ગટર ના કામ માટે મંજૂર કરવામાં આવેલ તેમજ રાજકોટ જિલ્લા પંચાયતના સભ્ય શ્રી મોહનભાઈ દાફડાની અનુસુચિત જાતિ ગ્રાન્ટ માથી રૂ.૨.૦૦ લાખ તેમજ રાજકોટ જિલ્લા પંચાયત સભ્ય બેડી-૩ સીટ સુમિતાબેન રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ) ની ગ્રાન્ટ માથી રૂ.૪.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. કૃષ્ણનગર ગામે રૂ.૪.૦૦ લાખ ના ખર્ચે પેવિંગ બ્લોકના કામનું ખાત મુર્હત પ્રસંગે જિલ્લા પંચાયત બેડી-૩ ના સભ્ય પ્રતિનિધિ રાજેશભાઈ ચાવડા(રાજાભાઈ), તાલુકા ભાજપાના મહામંત્રી અજયભાઈ મકવાણા, કિશાન મોરચાના મંત્રી મહેશભાઈ મકવાણા, મનોજભાઈ ચૌહાણ, અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ મિતભાઈ ગોહેલ, અનુસુચિત જાતિ મોરચાના મંત્રી શ્રી મેહુલભાઈ મકવાણા તથા સરપંચ હસુભાઈ વેકરીયા, ઉપ સરપંચ શ્રી હરિભાઇ ગમારા, પૂર્વ



સરપંચ શ્રી પરેશભાઈ વ્યાસ, પૂર્વ સરપંચ લાલજીભાઈ વિરાણી તેમજ રમેશભાઈ વિરાણી, બાબુભાઈ વિરાણી, મનીષભાઈ વિરાણી, ભીમજીભાઈ વિરાણી, અરજણભાઈ, સંજયભાઈ, પ્રદીપભાઈ, લલિતભાઈ તેમજ ગામના વ્યોવૃધ્ધ નાગરિક મોહનભાઈ, બાબુભાઈ કાનપરા, સંદીપભાઈ નંદાણિયા, હાર્દિકભાઈ લીલા, ભલાભાઇ ગમારા, મહેશભાઈ ગમારા તેમજ વર્ધમાન વિહાર સોસાયટીના આગેવાનો અમરશિભાઈ, વીરજીભાઈ, જેનતીબાઈ, પ્રવીણભાઈ, દેવજીભાઈ, રવજીભાઈ, નિલેષભાઈ સહિત આ કાર્યક્રમ બહોળી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉપલેટામાં આંતરરાષ્ટ્રીય કૂર્મી સેનાની બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, ઉપલેટા**
**અહેવાલ - વિજય રાડીયા**

ઉપલેટામાં જેમુ. કટેસરિયા વાડી કોટેજ હોસ્પિટલની સામે કડવા પટેલ સમાજમાં એક મીટીંગ નું આયોજન થયું હતું જેમાં આંતરરાષ્ટ્રીય કૂમી સેનાના અધ્યક્ષ જીગ્નેશભાઈ કાલાવડીયા કિશનભાઈ વેકરીયા કડવા પટેલ સમાજમાં એક સામાજિક બેઠકનું આયોજન કર્યું હતું. જેમાં સમાજના પ્રમુખ ઉપપ્રમુખ કારોબારી સભ્ય સોશિયલ ગ્રુપના સભ્યો નામી અનામી બધા કાર્યકર્તાઓ ત્યાં હાજર રહ્યા હતા તેમાં મુખ્યત્વે. પાટીદાર સમાજમાંથી લેવા કડવા જેવા પેટા જાતિવાદ દૂર થાય અને પરસ્પર રોટી બેટી નો વ્યવહાર સ્થાપિત થાય. પાટીદાર કે પટેલ તરીકે ની કોમન આઈડેન્ટીટી ઊભી થાય. દેશના અન્ય રાજ્યોમાં રહેલા કણબી કે કૂર્મી પટેલો સાથે પરસ્પર સામાજિક સાંસ્કૃતિક ધાર્મિક સંવાદ દ્વારા સામાજિક એકતા નો પથ તૈયાર કરવામાં આવે. તેના માટે સતત સામાજિક સંવાદ કાર્યક્રમો પરસ્પર શુભેચ્છા મુલાકાત અને સામાજિક પ્રવાસો નું સતત આયોજન કરવામાં આવશો મહત્વ મુદ્દાઓનું ગઠન કરવામાં પાટીદાર સમાજમાં આર્થિક પ્રગતિની સાથે સાથે વૈજ્ઞાનિક અભિગમ સાથે કેળવાય તે હેતુથી વિવિધ સાહિત્ય અને સંસ્કૃતિ અભિયાન શરૂ કરવામાં આવશે મેગેઝીન વેબસાઈટ પુસ્તક પ્રકાશન માટે ખાસ સમિતિ કામગીરી કરશો પાટીદાર સમાજના સામાન્ય વ્યક્તિઓ કોઈ માથા ભારે અસામાજિક તત્વો કે હિંસા નો ભોગ ન બને તે માટે તેનું આર્થિક શોષણ કે શારીરિક હુમલાઓ થાય તેવી ઘટનાઓમાં તાત્કાલિક કાયદાકીય ને કાર્યવાહી માટે કામગીરી કરવી તે માટે એક્શન કમિટી અને લીગલ કમિટી નું તાલુકા અને શહેર ગઠન કરવામાં આવશે

અંતરાજ્ય લગ્નોત્સવ અભિયાન આ અભિયાન અંતર્ગત જ્યાં દિકરીઓ ની અછત છે ત્યાં દેશનાં અન્ય રાજ્યો માંથી મૂળભૂત રીતે કણબીઓ હોય તેવા પરિવારો સાથે લગ્ન સંબંધ ગોઠવવા.સાથે ખેતી ઉદ્યોગ વેપાર રોજગાર ને લગતા પ્રશ્નો ઉઠાવવા અને જરૂર પડે ત્યારે સક્ષમ સત્તાવાળાઓ અને સરકાર સાથે સંવાદ કરવો. અભિયાનો ચલાવવા પાટીદાર સમાજનું જે બુધ્ધિધન અલગ અલગ ક્ષેત્રોમાં છે તેમને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવું સરકારની વિવિધ યોજનાઓ ખેડૂતો વેપારીઓ મહિલાઓ વિધાર્થીઓ ઉદ્યોગ સાહસિકો વગેરે માટે નો લાભ સમાજનાં લોકોને મળે તે માટે તાલુકા લેવલ એક એક કેન્દ્ર ઉભુ કરવું. આ માટે અલગ અલગ ૧૫ વિષયો પર સમિતિઓ નું ગઠન કરવામાં આવશે. વ્યાપાર અને ઉદ્યોગ પ્રકલ્પ દ્વારા આંતરરાજ્ય કૂર્મી પટેલો વચ્ચે વેપાર અને ઉદ્યોગ માં પરસ્પર સહયોગ હેતુ વ્યાપાર પ્રદર્શનો નું આયોજન કરવું.

ઇતિહાસ પુરુષો ની યાદગીરી માટે તેમની જન્મજયંતિ અને નિર્વાણ દિન નિમિત્તે વિવિધ પ્રકારના કાર્યક્રમો નું આયોજન કરવું. જેમાં મોટી સંખ્યામાં યુવાનો વડીલો એકત્રિત થાય અને પરસ્પર સંપર્ક માં રહે તેવું આયોજન કરવું. રાજ્ય વ્યવસ્થાને સમજવા માટે સતત કેડર કેમ્પો નું આયોજન કરવામાં આવશો અને આખું સંગઠન માળખા નો મધ્યવર્તી વિચાર સમાજ માટે શિસ્ત સેવા સંઘર્ષનાં ભાવ ને મજબૂત બનાવવાનો રહેશે. ઉપરોક્ત કામગીરી એ આપણા તમામ માટે મોટો પડકાર છે. જો આપ સૌની સાથ સહકાર અને સહયોગ મળશે તો જ આ બાબતો ને આપણે સફળતા તરફ લઈ જઈ શકીશું. આ મારું એકલા કે અમારા દસ . વીસ મિત્રો નું કામ નથી. દરેક નિષ્ઠાવાન અને સમાજ પ્રેમી મહાનુભાવો અમારી સાથે જોડાશે તો જ આ સ્વપન હકિકત માં તબદીલ થશે. ટૂંક સમયમાં ઉપલેટામાં આંતરરાષ્ટ્રીય કુરમી સેનાની એક કારોબારીનું ગઠન કરવામાં આવશે.

# ઉનાના વિદ્યાનગર રોડ પર અંગ્રેજી દારૂને ઝડપી પાડતી ગીર સોમનાથ એલ.સી.બી.

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

જુનાગઢ રેન્જ આઇ.જી.પી.શ્રી નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ એન. જાડેજા નાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે જુગાર/પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય, જે અનુસંધાને એલ.સી.બી.ના પો.ઇન્સ એમ.વી.પટેલ ના માર્ગદર્શન મુજબ પો.સબ.ઇન્સ. એ.સી.સિંધવ તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.હેડ.કોન્સ ગોવીંદભાઈ વાળા, ધર્મેન્દ્રસિંહ ગોહિલ, કમલેશભાઇ પીઠીયા, તથા પેરોલ ફર્લો સ્કોડમાં ફરજ બજાવતા પો.હેડ.કોન્સ પ્રવિણભાઇ મોરી તથા પોલીસ કોન્સ. રવિરાજસિંહ બારડ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે ઉના પો.સ્ટે.ના વિધ્યાનગર



વિસ્તારમાં પ્રોહીબીશન અંગે રેઈડ કરી નીચે જણાવેલ ઇસમો વિરૂધ્ધ ઉના પો.સ્ટે.માં પ્રોહીબીશન કલમ ૬૫(ઈ) મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) નાશી જનાર જુમાભાઇ રખાભાઇ ઉનડજામ રહે. ઉમેજ, (૨) નાશી જનાર વનરાજ ઉર્ફે વનો ધુસાભાઇ ચાંદુ રહે-વાકીયા જી.ગીર સોમનાથ

(૧) વિદેશી દારૂની બોટલ નંગ- ૨૭૪ તથા બિયર ટીન ૨૩ મળી કિ.રૂ. ૧,૮૪,૭૧૦/-
(૨) ફોર વ્હીલ - ૦૧ કી.રૂ. ૨,૦૦,૦૦૦/-
કુલ કિં.રૂા.૩,૮૪,૭૧૦/-

આ કામગીરી કરનાર અધિ/કર્મચારીઓ એલ.સી.બી.પો.ઇન્સ. એમ.વી.પટેલ,પો.સબઇન્સ. એ.સી.સિંધવ, પો.હેડ.કોન્સ ગોવીંદભાઈ વાળા, ધર્મેન્દ્રસિંહ ગોહિલ, કમલેશભાઇ પીઠીયા, તથા પેરોલ ફર્લો સ્કોડમાં ફરજ બજાવતા પો.હેડ.કોન્સ પ્રવિણભાઇ મોરી તથા પોલીસ કોન્સ. રવિરાજસિંહ બારડ

### રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે યોજાનાર

# "હર ઘર તિરંગા અભિયાન"અને "તિરંગા યાત્રા"ના આયોજન અંગે પદાધિકારીઓ તથા મ્યુનિસિપલ કમિશનરની ઉપસ્થિતિમાં મિટિંગ યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતનો રાષ્ટ્રધ્વજ આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં "હર ઘર તિરંગા" અને "તિરંગા યાત્રા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત થનારી ઉજવણી અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "હર ઘર તિરંગા અભિયાન" તથા "તિરંગા યાત્રા" યોજાનાર છે. આ કાર્યક્રમના આયોજનના ભાગરૂપે તા.૬/૮ના રોજ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને પદાધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનર, અધિકારીઓરાજકોટ શહેરની વિવિધ સંસ્થાઓ, એન.જી.ઓ., શાળા-કોલેજના પ્રતિનિધિઓ ઉપસ્થિતમાં મિટીંગ યોજવામાં આવી.




આ મિટિંગમાં મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખડૉ. માધવ દવે, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનજયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિહ વાળા, ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણી, હર્ષદ પટેલ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.

# રાણાવાવમાં ૧૩૫.૫૮ કરોડના ખર્ચે વંદે ભારત ટ્રેનો માટે નવો ઈન્ટીગ્રેટેડ કોચીંગ ડેપો બનાવાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય રેલ્વે દ્વારા પોરબંદર જિલ્લાનાં રાણવાવ ખાતે રૂા ૧૩૫.૫૮ કરોડના ખર્ચે વંદે ભારત ટ્રેનો માટે એક નવું ઇન્ટિગ્રેટેડ કોચિંગ ડેપો બનાવવામાં આવશે. આ સુવિધા વંદે ભારત ટ્રેનો માટે જરૂરી જાળવણી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરશે, કાર્યક્ષમતા અને ક્ષમતામાં વધારો કરશે. આ પ્રોજેક્ટમાં ૬૫૦-મીટર લાંબી પિટ લાઇન, વોશિંગ લાઇન, સિક લાઇન, સ્ટેબલિંગ લાઇન અને એક વહીવટી ઇમારત બનાવવામાં આવશે.

પોરબંદરથી રાણવાવ સુધી




જાળવણી કામગીરી ખસેડવામાં આવશે, જેનાથી કામનું ભારણ ઘટશે આ વિકાસ વંદે ભારત ટ્રેનો માટે જાળવણી ઇકોસિસ્ટમને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે અને ગુજરાતમાં રેલ્વે ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપશે.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં શ્રમદાનથી ઓફિસો અને કાર્યસ્થળો ચમક્યા, કર્મચારીઓએ મોટા પાયે ચલાવ્યું સફાઈ અભિયાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પર 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ-૨૦૨૫' અંતર્ગત આજે રાજકોટ ખાતેના ડિવિઝન કાર્યાલય પરિસરમાં એક વિશાળ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અપર ડિવિઝનલ રેલ પ્રબંધક કૌશલ કુમાર ચૌબેના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય કાર્યસ્થળને સ્વચ્છ અને હરિયાળું બનાવવાનો હતો, જેથી કર્મચારીઓ માટે એક સ્વસ્થ અને સુંદર વાતાવરણ તૈયાર થઈ શકે. આ કાર્યક્રમમાં તમામ શાખા અધિકારીઓ સહિત લગભગ ૩૦૦ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ સાથે મળીને પરિસરમાંથી બિનજરૂરી ઘાસ અને કચરાની સફાઈ કરી, જેનાથી ઓફિસનો દેખાવ સંપૂર્ણપણે બદલાઈ ગયો. આ સફાઈ અભિયાન માત્ર ડિવિઝન કાર્યાલય સુધી જ સીમિત નહોતું, પરંતુ તેને ડિવિઝનના વિવિધ સ્ટેશનો, ટ્રેક, રેલવે ઓફિસો અને કેરેજ એન્ડ વેગન ડેપો જેવા અન્ય મહત્વપૂર્ણ સ્થળોએ પણ વ્યાપકપણે ચલાવવામાં આવ્યું હતું. આ પહેલ દ્વારા રાજકોટ ડિવિઝને સ્વચ્છતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ફરીથી દોહરાવી છે. ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સક્રિય યોગદાન આપ્યું. રાજકોટ ડિવિઝન ભવિષ્યમાં પણ સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે આવા કાર્યક્રમો ચાલુ રાખવા માટે કટિબદ્ધ છે.

# રાજકોટના કણકોટ ખાતેની સરકારી ઈજનેરી કોલેજમાં એપ્રેન્ટિસશીપ માટેની પ્રક્રિયા શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકારની નેશનલ એપ્રેન્ટિસ ટ્રેનિંગ સ્કીમ(NATS) અને ગુજરાતની મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના(MAY) અંતર્ગત કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ કચેરી, ગાંધીનગર હેઠળની સરકારી કોલેજોમાં વિવિધ કામગીરી માટે યોગ્ય ઉમેદવારોની એપ્રેન્ટિસ તરીકે પસંદગી કરવામાં આવશે.

જે અંતર્ગત સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ ખાતે સિવિલ ઈજનેરી, કોમ્પ્યુટર ઈજનેરી, ઈલેક્ટ્રિકલ ઈજનેરી, મિકેનિકલ ઈજનેરી તથા લાઈબ્રેરી સાયન્સ સહિતની પોસ્ટ માટે ગ્રેજ્યુએટ એપ્રેન્ટીસની પસંદગી થનાર છે.

આ યોજનામાં પસંદગી પામેલા એપ્રેન્ટીસને નિયમ મુજબ સ્ટાઈપેંડ ચૂકવવામાં આવશે. એપ્રેન્ટિસશીપ પ્રક્રિયાનું રજીસ્ટ્રેશન તા.૩૧/૦૮/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન કરાવી શકાશે. એપ્રેન્ટિસશીપ અંગેની પ્રક્રિયા, નિયમો, લાયકાત તથા રજીસ્ટ્રેશન અંગેની માહિતી સંસ્થાની વેબસાઈટ www.gecrajkot.ac.in પરથી મળી શકશે. આ પ્રક્રિયા માર્ગદર્શન મેળવવા માટે ઈ-મેલ આઈ-ડી apprentice@gecrajkot.ac.in અથવા મોબાઈલ નંબર ૯૪૨૮૩૪૮૧૯૪ પર સંપર્ક કરી શકાશે, તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે

# રાજકોટ જિલ્લા કક્ષાની નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા ૨૦૨૫-૨૬ માટે અરજીપત્રકો મગાવાયા

## રાજકોટ શહેર-ગ્રામ્યના યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ-ગાંધીનગરના ઉપક્રમે, જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા રાજકોટ જિલ્લા કક્ષાની નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા ૨૦૨૫-૨૬નું આયોજન આગામી દિવસોમાં કરવામાં આવશે. જેમાં રાજકોટ શહેર-ગ્રામ્યના યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. જિલ્લા કક્ષાના પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા તેમજ રાસ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા કલાવૃંદે રાજ્ય કક્ષાએ ભાગ લેવા જવાનું રહેશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ નિયત નમૂનાના અરજીપત્રકમાં સંપૂર્ણ વિગતો ભરવાની રહેશે. જેની સાથે આધારકાર્ડ, જન્મતારીખના પ્રમાણપત્રની નકલ તેમજ રજૂ કરવાની કૃતિના શબ્દોની નકલ સાથે અરજી બે નકલમાં તૈયાર કરવાની રહેશે. આ અરજી પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્સ રોડ, રાજકોટ ખાતે ૨૦મી ઓગસ્ટ ખાતે બપોરે ૨ કલાક સુધીમાં રૂબરૂ કે ટપાલથી મોકલી આપવાની રહેશે.

# વાંકાનેર-મોરબી હાઈવે પર સ્પર્શ સ્પા એન્ડ સલુનમાં દેહવ્યાપારનો પર્દાફાશ

## એક વિદેશી સહિત ચાર મહિલાઓને રાખીને સ્પાની આડમાં ચલાવાતા કૂટણખાના પર દરોડો

## સંચાલન કરતો વાંકાનેરનો શખસ ફરાર, મેનેજરને ઝડપી લેતી પોલીસ

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે પર રાણેકપર ગામના પાટિયા પાસે સ્પાની આડમાં ધમધમતા કુટણખાના પર મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમ દ્વારા દરોડો પાડી વિદેશી તથા ભારતીય મહિલાઓ પાસે ચલાવવામાં આવતાં ગેરકાયદેસર સેક્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેમાં પોલીસે સ્થળ પરથી એક વિદેશી તથા ચાર ભારતીય મહિલાઓને છોડાવી સ્પા મેનેજરની ધરપકડ કરી મુખ્ય સંચાલક વાંકાનેરના આરોપીને ફરાર દર્શાવી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર-મોરબી હાઈવે પર રાણેકપર ગામના બોર્ડ પાસે આવેલ હિમાલય પ્લાઝામાં આરોપી રવિન્દ્ર નવિનચંદ્ર સોલંકી સંચાલિત સ્પર્શ સ્પા એન્ડ સલુનમાં દરોડો પાડી પર્દાફાશ કર્યો છે, જેમાં પોલીસે સ્થળ પરથી એક તાન્ઝાનિયા દેશની મહિલા તથા ચાર ભારતીય મહિલાઓને મુક્ત કરાવી સ્પા મેનેજર અરવિંદભાઈ વશરામભાઈ દેંગડા (રહે. નવાપરા, પંચાસર રોડ, વાંકાનેર)ની અટકાયત કરી હતી.

સ્પાની આડમાં ચાલતા કુટણખાનાનો આ બનાવમાં સ્પાની આડમાં કુટણખાનું વાંકાનેર શહેરની સોની શેરી ખાતે રહેતા આરોપી રવિન્દ્રભાઈ નવીનચંદ્ર સોલંકી દ્વારા ચલાવવામાં આવતું હોવાનો ખુલાસો થતાં પોલીસ દ્વારા આરોપીને ફરાર દર્શાવી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાનકર્યા છે. કુટણખાનામાં વિદેશી મહિલાનો ઉપયોગ થતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી.

# રાજકોટમાં બાલભવન ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન અન્વયે ચિત્ર સ્પર્ધા યોજાઈ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી સ્વતંત્રતા દિવસની પૂર્વ ઉજવણી રૂપે સમગ્ર ગુજરાતમાં 'હર ઘર તિરંગા' અભિયાન ચાલી રહ્યું છે. આ વર્ષે હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતા સ્વતંત્રતા કા ઉત્સવ સ્વચ્છતા કે સંગ થીમ રાખવામાં આવી છે. જે અન્વયે રાજકોટ જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરના અંતર્ગત જિલ્લા યુવા વિકાસ અધિકારી, રાજકોટ દ્વારા બાલભવન ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન અન્વયે ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બાળકોએ પોતાની કલા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને સુંદર ચિત્રો તૈયાર કર્યા હતાં. આ ચિત્ર સ્પર્ધા થકી બાળકોમાં રાષ્ટ્રભક્તિ દ્રઢ બનાવવાનો પ્રયાસ કરાયો હતો. આ તકે જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરા તથા અન્ય વિભાગના અધિકારીઓ અને શાળાના શિક્ષકો, આચાર્યો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# જેતપુરમાં ૭ વર્ષના બાળક સાથે સગીર મિત્રનું સૃષ્ટિવિરૂધ્ધનું કૃત્ય

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના એક વિસ્તારમાં રહેતા ૭ વર્ષના બાળક સાથે તેના સગીરવયના મિત્ર દ્વારા સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું છે. તરુણના મિત્ર દ્વારા આચરવામાં આવેલ સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય બદલ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આરોપીની ધરપકડ માટે પોલીસે આગળની કાર્યવાહી તપાસ હાથ ધરી છે. બનાવને લઈને આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. સમાજ માટે લાલબત્તી રૂપ આ બનાવની મળતી વિગતો મુજબ જેતપુર સીટી પોલીસમાં ૭ વર્ષના બાળક ઉપર સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચરવાનો કિસ્સો સામે આવ્યો છે. ૭ વર્ષના બાળક ઉપર તેના મિત્રએ જ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરતા ચકચાર મચી જવા પામી છે. બાળકે પરિવારને ફરિયાદ કરતા આ અધર્મ કૃત્ય બહાર આવ્યું હતું. જેતપુરમાં રહેતા એક પરિવારનો ૭વર્ષનો પુત્ર જૂનાગઢ રોડ ઉપર આવેલ મામાદેવના મંદિર પાસે મિત્રો સાથે રમવા ગયો હતો ત્યારે તેના સગીરવયના મિત્રએ ૭વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય આચર્યું હતું.

આ ઘટના અંગે જેતપુર પોલીસે સગીર સામે પોક્સો હેઠળ ગુનો નોંધ્યો છે. ભોગ બનનાર ૭ વર્ષના બાળકનું મેડીકલ ચેકઅપ કરાવવા તજવીજ કરી છે. ૭ વર્ષનો બાળક તેના મિત્ર સાથે અવારનવાર રમવા જતો હોય ત્યારે સગીરમાં હવસ જાગતા બાળકને શિકાર બનાવ્યો હતો. આ ઘટનામાં ભોગ બનનાર ૭ વર્ષનો બાળક અને આરોપી બન્ને કાયદાના સંઘર્ષમાં આવેલ હોય આરોપીને બાળ સરક્ષણ ગૃહમાં મોકલવા તજવીજ શરુ કરી છે.

# જામનગરમાં ઝાડ કાપતી વખતે વીજ આંચકાથી યુવાનનું મોત

## ચેમ્બર કોલોની વિસ્તારમાં ૬૬ કેવીની વીજલાઈનનો શિકાર બનેલો યુવાન સ્થળ પર જ ભડથું થયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ચેમ્બર કોલોની વિસ્તારમાં આવેલ અમરનાથ મહાદેવ મંદિરના પરિસરમાં ગઈ મોડી સાંજે એક અત્યંત કરુણ ઘટના બની હતી. ઝાડની ડાળી કાપી રહેલા એક યુવાનનું ૬૬ કેવીની હાઈ ટેન્શન વીજ લાઈનનો આંચકો લાગવાથી સ્થળ પર જ મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ યુવાન ઝાડ પર જ લટકી પડ્યો હતો અને તેના શરીરે આગ લાગી હતી, જેના કારણે ભારે કરુણ દ્રશ્યો સર્જાયા હતા.

ખંભાળિયાના વતની કિરણ નામના ૩૫ વર્ષી ય યુવાન અમરનાથ મહાદેવ મંદિરના પરિસરમાં આવેલા પીપળાના ઝાડની ડાળીઓ કાપી રહ્યા હતા. તે દરમિયાન અચાનક તેમનો સંપર્ક ત્યાંથી પસાર થતી ૬૬ કેવીની હેવી વીજ લાઈન સાથે થતાં તેમને જોરદાર વીજ આંચકો લાગ્યો હતો. વીજળીના તણખાને કારણે ઝાડમાં આગ લાગી અને યુવાનનું શરીર પણ ભડથું થઈ ગયું. આ ઘટના બનતા જ આસપાસના લોકોના ચીસો સાંભળીને મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વીજ કંપની, ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. સૌ પ્રથમ વીજ કંપનીના સ્ટાફે તે વિસ્તારનો વીજ પુરવઠો બંધ કર્યો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ ઝાડ પર ફસાયેલા યુવાનના મૃતદેહને નીચે ઉતાર્યો હતો. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ છ્વાઈ ગયું છે.

# બૂટલેગરે દારૂની બોટલના રૂપિયા મુદ્દે કારખાનેદારનું અપહરણ કરીને ઢોર માર માર્યો

## કુખ્યાત શખ્સ આણી ટોળકીએ રોકડ- મોબાઈલની લૂંટ ચલાવી ફરિયાદ કરીશ તો માતા અને ભાઈને સળગાવી નાંખવાની ધમકી આપ્યાનો આક્ષેપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અવાર નવાર પોલીસ ચોપડે ચડી ચૂકેલા કુખ્યાત બુટલેગર પ્રતિક ચંદારાણાએ ફરી લખણ ઝળકાવ્યા છે. દારૂની બોટલના રૂા. ૧૦૦૦ માટે બુટલેગરે ટોળકી સાથે મળી માંડા ડૂંગરમાં રહેતા કારખાનેદાર યુવાનનું સ્કોર્પીયોમાં અપહરણ કરી માર્કેટ યાર્ડ પાસે લઈ જઈ ઢોર મારમાર્યો હતો અને જો કરિયાદ કરીશ તો તારી માતા અને ભાઈને સળગાવી નાખીશ તેવી ધમકી આપી રોકડ અને મોબાઈલ લૂંટી લીધા હતા. ઈજાગ્રસ્ત યુવાન સિવિલ હોસ્પિટલમાં દાખલ થતા આજીડેમ પોલીસે બુટલેગર પ્રતિક ચંદારાણ અને તેની ટોળકી સાથે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ આજીડેમ ચોકડી પાસે આવેલા માંડા ડુંગરમાં રહેતો વિપુલ ગોવિંદભાઈ ચૌહાણ (ઉ.૧.૩૧) નામનો યુવાન ગત તા.૪ના રાત્રે ૧૦ વાગ્યના અરસામાં માંડા ડૂંગરમાં આવેલી શક્તિ ટી સ્ટોલ નામની હોટલે હતો ત્યારે બુટલેગર પ્રતિક ચંદારાણા, કૃણાલ, હિરેન અને તેની સાથે અજાણયા ચાર-પાંચ શખ્સો સ્કોર્પિયો લઈ ધસી આવ્યા હતા. અને ઝઘડો કરી તેને બળજબરીથી સ્કોર્પિયોમાં ઉપાડી જઈ માર્કેટ યાર્ડ પાસે શેરીમાં લઈ જઈ લોખંડના પાઈપ વડે ઢોર માર મારતા તે બેભાન થઈ ગયો હતો. જેથી આરોપીઓએ ડોક્ટરને બોલાવી ઈન્જેક્શન આપતા તે ભાનમાં આવ્યો હતો. બાદમાં ફરી મારમારી રાત્રીના ૩.૩૦ વાગ્યે માનસરોવરમાં કારખાનામાં લઈ જઈ કરિયાદ કરીશ તો તારા માતા અને ભાઈને સળગાવી નાખીશ તેવી ધમકી આપી નાશી છૂટયા હતા.

બાદમાં તે પરે જતો રહ્યો હતો અને બટલેગરે આપેલી ધમકીથી ડરી જઈ બહાર નીકતો ન હતો દરમિયાન આજે વધુ દુખાવો થતા તે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. તેણે જણાવ્યા મુજબ તે ઘડિયાળનું કારખાનનું ધરાવે છે. તેના પિતા હયાત નથી. બુટલેગર પ્રતિક ચંદારાણા પાસેથી એક મહિના પહેલા દારૂની બોટલ ઉપારમાં લીધી હતી. જેના રૂા. ૧૦૦૦ આપવાના હતા. ૧૫ દિવસ પહેલા પ્રતિક ફોન કરી ગાળો આપી ઝઘડો કર્યો હતો. બાદમાં તા.૪ના સાજે ફોન કરી તારુ લોકેશન આવી ગયું છે. કાકી ખાવા જઈ ત્યાંથી ઉપાડી જઈશું તેમ જણાવ્યું હતુ ભાદમાં રાત્રે ચાની હોટેલથી તેનું અપહરણ કરી ઢોર મારમાર્યો હતો. આ ઉપરાંત આરોપીઓએ યુવતી સાથે તેના ફોટા પાડી લઈ ફરિયાદ કરીશ તો ફોટા વાયરલ કરવાની ધમકી પણ આપી હતી અને આરોપીઓ તેનો રૂા. ૧૦૦૦૦નો મોબાઈલ અને રૂ.૩૪૦૦ની રોકડ લૂંટી ગયા હતા. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે બુટલેગર પ્રતિક ચંદારાણા આણી ટોળકી વિરૂદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

### યુવાન પર ખુની હુમલો કરી લુંટ ચલાવનાર નામીચન બુટલેગર સહિત ત્રીપુટી ઝડપાઇઃ પોલીસે કાયદાનું ભાન કરાવ્યું




શહેરના આજીડેમ ચોકડી પાસે પીઠડ આઇ સોસાયટીમાં રહેતા યુવાનનું ગઇ તા.૪-૮-૨૦૨૫ના રાત્રીના ૧૧ વાગ્યે ગોકુળ સોસાટીના ગેઈટ પાસેથી બોલેરોમાં અપહરણ કરી જુના માર્કેટ યાર્ડમાં બેફામ માર મારી રૂ.૮ હજારની લુંટ ચલાવી નામચીન બુટલેગર પ્રતિક દિલીપ ચંદારાણા સહિતની ટોળકી નાસી ગયા બાદ આજીડેમ પોલીસના પીઆઇ એ.બી.જાડેજા, પીએસઆઇ જનકસિંહ રાણા સહિતના સ્ટાફે હત્યાની કોશીશ અને લુંટનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં જ નામચીન બુટલેગર પ્રતિક દિલીપ ચંદારાણા (રહે. માનસરોવર પાર્ક) તથા જયપાલ રાજેશ ડેડાણીયા (રહે. વેલનાથપરા, કોઠારીયા રોડ) તથા અક્ષય મથુર જમોડ (રહે. વિનોદ નગર શેરી નં.૩, લાલપાર્ક ડિમાર્ટ પાસે) નામની ત્રીપુટીને ઝડપી લઇ કાયદાનું ભાન કરાવી અન્ય શખ્સોની શોધખોળ આદરી છે.

# સગા ભાઈ-ભાભીના હત્યારા પાકા કામના કેદીનું જેલમાં બિમારી સબબ મોત

## ૧૧ વર્ષ પહેલાં પારિવારિક ઝઘડામાં દંપતીને મોતને ઘાટ ઉતારી ખૂની ખેલ ખેલ્યો તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પાકા કામના કેદીનું જિલ્લા જેલમાં બિમારી સબબ મોત નીપજ્યુ હતુ. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સીક પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી આ અંગેની જાણવા મળતી વિગત મુજબ શહેરના સામાકાંઠે રણછોડનગરમાં રહેતા અને હાલ પોપટપરા સેન્ટ્રલ જેલમા પાકા કામના કેદી તરીકે રહેલા પ્રવિણભાઈ મણીલાલ મણીયાર (ઉ.વ.૫૦)નામના આધેડ જેલમાં હતા ત્યારે આંચકી આવતા અને ડાયાબિટીશની બિમારી સબબ તેમની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્રનગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનુ ફોરેન્સીક પીએમ કરાવવા તજવીજ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં મૃતક પ્રવિણભાઈ પાંચ ભાઈ છ બહેનમાં વચેટ અને તેમને સંતાનમાં એક પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. તેઓ સામાકાંઠે પેડક રોડ પર આવેલા રણછોડનગરમાં પરિવાર સાથે રહેતા હતા. વર્ષ ૨૦૧૩માં પારિવારીક ઝઘડામાં આરોપી પ્રવિણભાઈએ તેના નાનાભાઈ હરેશ મણીલાલ અને ભાભી પૂજાબેનની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. બેવડી હત્યાના ગુનામાં અદાલત દ્વારા આરોપી પ્રવિણભાઈ મણીયારને તક્સીરવાન ઠરાવી આજીવન કેદની સજા ફટકારી હતી. જેથી તેઓ જિલ્લા જે લમાં આજીવન કેદની સજા ભોગવતા હતા .દરમિયાન બિમારી સબબ તેમનું મૃત્યુ નીપજ્યુ હતુ. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વોકહાર્ટ હોસ્પિટલ્સ રાજકોટે સફળ આરોગ્ય સેવાના યશસ્વી ૧૯ વર્ષ વર્ષ પૂર્ણ કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ એ વિશ્વસનીય આરોગ્ય સેવાના ૧૯ સફળ વર્ષો પુરા કર્યા છેલ્લા ૧૯ વર્ષોમાં વોકહાર્ટ હોસ્પિટલ્સે, રાજકોટે કરૂણા અને કુશળતા સાથે અધતન તબીબી સંભાળ પુરી પાડી છે અને હજારો દર્દીઓના જીવનમાં નવી આશાનો સંચાર કર્યો છે. હોસ્પિટલના તમામ વિભોગના સીમાચિહ્નો તેના દ્વારા નિર્માણ કરાયેલા વિશ્વાસ અને વિશ્વસનીયતાને પ્રતિબિંબિત કરે છે. ૨,૦૭,૦૦૦+ ઈમરજન્સી કેસની સફળતાપુર્વક સારવાર, ૧,૫૧,૦૦૦+ ઓપીડી દર્દીઓની સારવાર, ૫૮,૦૦૦+ કાર્ડિયાક ઈન્ટર્વેન્શન્સ, ૪૭,૦૦૦+ કેન્સરના કેસમાં સારવાર, ૪૫,૦૦૦+ ગેસ્ટ્રો અને જનરલ સર્જરીઓ, ૪૪,૦૦૦+ ક્રિટીકલ કેર અને ચેપજન્ય રોગોની સારવાર, ૧૯,૦૦૦+ ફિઝીયોથેરાપીની સારવાર, ૧૭,૦૦૦+ યુરોલોજી અને નેફ્રોલોજી ટ્રીટમેન્ટસ,



૧૬,૫૦૦+ ન્યુરો સંબંધી ઈન્ટર્વેશન્સ, ૭,૬૦૦+ હાડકા અને સાંધાની સર્જરીઓ, ૪,૧૦૦+ ઈન્ટર્વેન્શનલ રેડિયોલોજી પ્રક્રિયાઓ, ૩,૬૦૦+ મધર એન્ડ ચાઈલ્ડ કેરની સફળ સારવાર. ઝહાબીયા ખોરાકીવાલા, મેનેજીંગ ડિરેક્ટર, વોકહાર્ટ હોસ્પિટલ્સ એ આ પ્રસંગે જણાવ્યું કે, ઓગણીસ વર્ષ પહેલા અમે રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં આરોગ્ય સેવાને નવી દિશા આપવાનું લક્ષ્ય રાખ્યું ત્યારે ઉદેશ માત્ર ઉચ્ચતમ સારવાર ન હતો પરંતુ સંવેદના અને માનવતા સાથે આરોગ્ય સેવા પહોંચાડવી એ પણ એટલું જ મહત્વપુર્ણ હતું. આ જે તે લક્ષ્ય આપણે પાર કરતા દરેક સીમાચિહ્ન વિકસીત થઇ રહ્યા છે. આ પ્રસંગે ડો.દુષ્યંત પટેલ, સેન્ટર હેડ, વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટે જણાવ્યું હતુ કે, આ માત્ર આંકડા નથી, પરંતુ દરેક પાછળ એક દર્દીની વ્યથા અને સારવાર સુધારાની વાત છે. અમે રાજકોટમાં ૧૯ વર્ષ પુર્ણ કર્યા છે તે માત્ર સમયગાળો નથી અને આ ફક્ત તબીબી શ્રેષ્ઠતાની ઉજવણી જ નહીં પરંતુ તે વિશ્વાસ, સંભાળ અને સમાજ સાથેના અમારા ઉંડા જોડાણની પણ ઉજવણી કરી રહ્યા છીએ. ડો.પ્રફુલ કમાણી સિનિયર કન્સલ્ટન્ટ-ગેસ્ટ્રોએન્ટરોલોજીસ્ટ, હેપેટોલોજીસ્ટ અને ગેસ્ટ્રો ઈન્ટેસ્ટિનલ એન્ડોસ્કોપીસ્ટ, ડો.તૃપ્તિ વૈષ્ણાણી-કન્સલ્ટન્ટ, પીડિયાટ્રીશ્યન અને નિયોનેટોલોજીસ્ટ તરીકે સેવા આપી રહ્યા છે.

# ભત્રીજા સાથે મૈત્રી કરાર તોડનાર યુવતી ઉપર માસીજી સહિતના શખ્સનો હૂમલો

## વગર લગ્ન અન્ય યુવક સાથે રહેતી હોવાનો ખાર રાખી યુવતીના બંને હાથ અને પગમાં ફેકચર કરી નાખ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ઘંટેશ્વર વિસ્તારમાં આવેલા ૨૫ વારીયામાં રહેતી યુવતીએ ભત્રીજા સાથે મૈત્રી કરાર પુરા કરી અન્ય યુવક સાથે વગર લગ્ને સાથે રહેવા ચાલી ગઈ હતી. જેનો ખાર રાખી માસી અને બે પિતરાઈ સહિતના શખ્સોએ ધોકા-પાઈપ વડે હુમલો કરી બન્ને હાથ અને પગમાં ફેકચર જેવી ઈજા પહોંચાડી હતી. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલ યુવતીને સારવાર માટે ખસેડવામાં આવી હતી.



આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતી ખુશીબેન રોહિતભાઈ રિબડીયા (ઉં.૩૧) બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે આવેલા દશામાં ના મંદિર પાસે હતી ત્યારે ગીતાબેન તેના પુત્ર રવિ અને રાહુલ સહિતના અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી ધોકા પાઈપ વડે માર માર્યો હતો. યુવતીને બન્ને હાથ અને પગમાં ફેકચર આવતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

પ્રાથમિક પુછપરછમાં ખુશીબેનને અગાઉ અનિલ સાથે આંખ મળી જતાં બન્ને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો અને બાદમાં બન્ને મૈત્રી કરારથી સાથે રહેતાં હતાં. પરંતુ અનિલ મારકુટ કરતો હોવાથી ખુશીબેને તેની સાથે મૈત્રી કરાર ટૂંકાવી લીધા હતાં અને રોહિત રીબડીયા સાથે વગર લગ્ન સાથે રહેવા ચાલી ગઈ હતી. અનિલ સાથે મૈત્રી કરાર તોડી અન્ય યુવક સાથે ખુશીબેન રહેવા ચાલી ગયાનો ખાર રાખી અનિલના માસી ગીતાબેન અને બે પિતરાઈ સહિતના શખ્સોએ હુમલો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે ગાંધીગ્રામ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# એકલવાયા જીવનથી કંટાળી યુવાને ગળેફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડયો

## બે માસથી રૂમ ભાડે રાખી રહેતા કલ્યાણપુરનાં કેનેડી ગામના યુવકના આપઘાતથી પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાણાવટી ચોક પાસે આવેલા જાહલ કોમ્પ્લેક્ષ વાળી શેરી શાહનગર શેરી નં.૩માં રહેતાં મુળ કલ્યાણપુરના કેનેડી ગામના યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોક છ્વાઈ ગયો છે. યુવાને એકલવાયુ જીવનથી કંટાળી આ પગલું ભરી લીધું હોવાનું આ અંગેની વિગતો મુજબ શાહનગરમાં રહેતાં અને મુળ કેનેડી ગામના જયેશભાઈ પ્રેમજીભાઈ સોનાગરા (ઉ.૩૫) નામના યુવાન રાજકોટના બાલાજી વેફર્સમાં નોકરી કરતાં હતાં. તેઓએ ગઈકાલે સાંજના સમયે પોતાના રૂમમાં જ ગળેફાંસો ખાઈ લતાં ૧૦૮ના તબીબ નિલમબેન જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતાં. આ ઘટના બાદ ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મીહીરભાઈ બારડ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં અને મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડયો હતો. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે અને પોતે બે મહિનાથી અહિં રૂમ રાખીને રહેતાં અને બાલાજી વેફર્સમાં કામ કરતાં હતો. પોતે બે ભાઈ બે બહેનમાં બીજા નંબરનાં હતાં. તેમજ તેઓએ એકલવાયુ જીવનથી કંટાળી આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ધ ફર્ન હોટલમાં જુગાર કલબ પકડાઇઃ ૫ વેપારી ઝડપાયા




## દિલ્હીના વેપારીએ હોટલમાં રૂમ ભાડે રાખ્યો'તોઃ ૨.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સૌરાષ્ટ્રમાં શ્રાવણ મહિનામાં જુગારના ઠેરઠેર હાટડા શરૂ થઇ ગયા હોય અને પોલીસે પણ જુગારીઓ પર ધોસ બોલાવી છે ત્યારે રાજકોટની નામાંકિત કુવાડવા રોડ પર આવેલી ધ ફર્ન હોટલમાં ચાલતી જુગાર કલબ પર ગુન્હા નિવારણ શાખાની ટીમે દરોડો પાડી જુગાર રમતા પાંચ વેપારીઓને દબોચી લઇ રૂ.૨.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુન્હા નિવારણ શાખાના પીઆઇ એમ.જે.હુણ તથા એએસઆઇ હરદેવસિંહ, સંતોષભાઇ મોરી, દેવરાજભાઇ કાળોતરા અને વિરૂભા સહિતના સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, કુવાડવા રોડ પર ડિલક્સ ચોક પાસે આવેલી નામાંકિત ધ ફર્ન હોટલના ત્રીજા માળે રૂમ નંબર ૩૨૪માં દિલ્હીનો વેપારી રોકાયને અન્ય રાજકોટના ઇમીટેશનના વેપારીઓને રૂમમાં બોલાવી જુગાર કલબ ચાલતી હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે હોટલના ત્રીજા માળે રૂમ નં.૩૨૪માં દરોડો ભાડતા જુગાર રમતો વેસ્ટ ગોરખ પાર્ક સહાદ્રા દિલ્હી ૩૨માં રહેતો વિકાસ મહેશચંદ્ર અગ્રવાલ તથા મોરબી રોડ પર આવેલા કૈલાશ પાર્કમાં રહેતો અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતો રાજેશ ધીરૂ ડાંગર તથા મોરબી રોડ પર સેટેલાઇટ ચોક પાસે ઓમ શાંતિ પાર્કમાં રહેતો અશ્વિન ભાનુ સોનારા (દુધનો વેપારી) તથા રણછોડ નગરમાં પેડક રોડ પર રહેતો અને કરીયાણાની દુકાન ચલાવતો રવી રશીક રાજાણી તથા અમીનમાર્ગ પર આસરય એપાર્ટમેન્ટમાં રહેતો અજય નટવરલાલ મીઠીયા નામનો ઇમીટેશનના વેપારી સહિત પાંચ જુગારીઓને દબોચી લઇ રોકડા રૂ.૧.૪૭ લાખ અને ૪ મોબાઇલ મળી કુલ રૂ.૨.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જેતપુરના જેતલસરમાં ૩૧.૬૪ લાખની મગફળીનો જથ્થો ચાર સિક્યુરીટી ગાર્ડે ચોરી બારોબારો વેચી નાખ્યો

## ચોરેલી મગફળીની ગુણીના કોથળા બદલી નાખ્યા હતાઃ જેતપુર પોલીસે ગુનો નોંધી કરેલી કાર્યવાહી






**મુખ્ય સમાચાર, જેતલસર**

જેતપુરના જેતલસરમાં આવેલ ખાનગી વેર હાઉસને તસ્કરોએ નિશાન બનાવી રૂ.૩૧.૬૪ લાખની ટેકાના ભાવે ખરીદાયેલી ૧૨૧૨ મગફળીની ગુણીઓ ચોરી કરી નાશી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે ચાર સિક્યુરીટી ગાર્ડને શંકાના દાયરામાં લઈ પૂછતાછ કરતા પોતે જ ગુણીઓનો જથ્થો ચોરી કરી કોથળા બદલાવી જેતપુર યાર્ડમાં વેચી માર્યાની કબૂલાત આપતા પોલીસે મુદ્દામાલ રીકવર કરવા તજવીજ હાથ ધરી છે.

મૂળ રાજસ્થાનના હનુમાનગઢ શંગરીયા ગામના વતની હાલ જેતપુર નવાગઢમાં રહેતા અને સેન્ટ્રલ વેર હાઉસીંગ કોર્પોરેશનના ટેકનિકલ આસીસ્ટન્ટ તથા વેરહાઉસના મેનેજર તરીકે નોકરી કરતા અમીતકુમાર રામકુમાર રામપ્રતાપ ગીલ્લાએ જેતપુર પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, જેતપુરના જેતલસર ગામે પાસે ગીરીરાજ વેરહાઉસ વર્ષ ૨૦૨૪થી ભાડેથી લઈ તેમાં ખરીદી કરેલ મગફળીની ૫૭,૧૦૦ ગુણી રાખવામાં આવી હતી. જેમાં તેની દેખરેખ માટે અમદાવાદની શ્રીરામ એન્ટરપ્રાઈઝ એજન્સીના માણસો સીક્યુરીટીમાં રાખવામાં આવ્યા હતા. બાદ મારી બદલી અમરેલી થતા મારી જગ્યાએ સંદિપકુમાર શ્રીપૂર્ણરામ કડવાસરાને ચાર્જ આપવામાં આવેલ બાદ ૪૧ વેરહાઉસના ફિઝીકલ વેરીફિકેશન કરવામાં આવ્યું હતું. જેમાં ગીરીરાજ વેરહાઉસનું વેરીફિકેશન કરતા જાણવા મળ્યું કે ૫૭,૬૦૦ ગુણીમાંથી માત્ર ૫૬,૩૮૮ ગુણીઓ જોવા મળેલ તેમાંથી ૧૨૧૨ ગુણીઓ કિ.રૂ.૩૧.૬૪ લાખની ઓછી જોવા મળેલ જેથી ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચાર સિક્યુરીટી ગાર્ડ મીહીર વીકાણી, બીપીન મકવાણા, જયમીન બારૈયા, સહજ તારાપરા સહિતના ચારેયને શંકાના દાયરામાં લઈ પૂછતાછ કરતા ચારેએ મગફળીની ગુણીનો જથ્થો ચોરી કરી તેના કોથળા બદલાવી માલ જેતપુર યાર્ડમાં વેચી નાખ્યો હોવાની કબૂલાત આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# પોરબંદરથી સગીરા, મહિલાને નોકરીની લાલચ આપીને ગેંગે રાજકોટ બોલાવી નિકોલમાં દેહવ્યાપાર કરવા મજબૂર કર્યા

**મહિલાએ પોલીસ કંટ્રોલરૂમમાં મેસેજ કરતા પોલીસે રેડ કરીને બન્નેનું રેસ્કયુ કર્યુઃ પોલીસે ટ્રાફિકિંગ, દેહવ્યાપારનો ગુનો નોંધીને એકની ધરપકડ કરી, પાંચ શખસો ફરાર**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

પોરબંદરની સગીરા અને એક મહિલાને રાજકોટ બેંકમાં નોકરી અપાવવાની લાલચ આપીને ગાડીમાં બેસાડીને બે મહિલા સહિત છ શખ્સો નિકોલમાં હોટલના રૂમમાં ગોંધી રાખીને ધાકધમકીઓ આપીને દેહવ્યાપાર કરવા માટે મજબૂર કરી રહ્યા હતા. જો કે, પિડીત મહિલાએ પોલીસ કંટ્રોલરૂમમાં ફોન કરતા નિકોલ પીઆઈ સહિતના સ્ટાફ હોટલ પર પહોંચીને સગીરા, મહિલા અને તેના ૫ વર્ષીય બાળકને સહીસલામત રીતે રેસ્કયુ કર્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે ગુનો નોંધીને એક આરોપીની ધરપકડ કરી છે જયારે અન્ય પાંચ શખ્સો ફરાર થઈ જતા તેમણે ઝડપી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે.

પોરબંદરમાં રહેતી ૨૪ વર્ષીય મહિલાએ પતિથી અલગ રહે છે અને તેને સંતાનમાં પાંચ વર્ષીય દિકરો છે. ઘર ચલાવવા માટે મહિલા નોકરીની શોધખોળ કરી હતી. છ મહિના પહેલા ઈન્સ્ટાગ્રામ મારફતે મહિલાની ૧૭ વર્ષીય સગીરા સાથે સંપર્ક થયો હતો. આ સગીરાએ મહિલાને કહ્યુ કે, તેના મિત્ર રાજદિપસિંહ જાડેજા છે તેઓ તેણે રાજકોટ બેંકમાં નોકરી અપાવવાના છે જો તમારી બેંકમાં નોકરી કરવી હોય હોય તો હું તેમણે વાત કરૂ. મહિલાને નોકરીની જરૂરીયાત હોવાથી તેણે હા પાડી હતી. બીજી તરફ, ગત.૩ ઑગસ્ટના રોજ સવારના ૧૦ વાગ્યાની આસપાસ મહિલા, તેનો પાંચ વર્ષીય દિકરો અને સગીરા ત્રણેય રાજદિપસિંહના કહેવા પ્રમાણે રાજકોટ પહોંચ્યા હતા. જ્યાં રાજકોટથી રાજદિપસિંહ, તેની મિત્ર માહી ઉર્ફે મમતા ઉર્ફે જાનવી પટેલ બન્નેએ ત્રણેયને ગાડીમાં બેસાડીને ગ્રીનલેન્ડ ચોકડી પહોંચ્યા હતા. જ્યાં રાજદિપસિંહ તેની ગાડીમાં

બિજરાજસિંહ ચૌહાણ અને લાલા નામના બન્ને શખ્સોને બેસાડીને લીમડી પહોંચ્યા હતા. જ્યાં રાજદિપસિંહની ગાડી બંધ થઈ જતા તેમણે ભાડે ગાડી કરીને સોનલ, મહેશને સાથે લઈને અમદાવાદ પાસે એક હોટલમાં રોકાયા હતા. બીજા દિવસે રાજદિપસિંહ સહિત બધા અમદાવાદના નિકોલમાં હોટલમાં પહોંચ્યા હતા. જ્યાં રાજદિપસિંહે બે રૂમ બુક કરાવ્યા હતા. આ બાદ રાજદિપસિંહ સહિત છ શખ્સોએ સગીરા અને મહિલાને ધમકી આપી કે, તમે દેહવ્યાપાર નહીં કરો તો હું ૫ વર્ષીય દિકરાને જાનથી મારી નાંખીશ. આ બાદ સગીરા અને મહિલા બન્નેને રાજદિપસિંહે ગ્રાહકોએ આપેલ એડ્રેસ પર મોકલ્યા હતા પરંતુ ગ્રાહકો ત્યાં ન આવતા બન્ને પરત હોટલ પર આવ્યા હતા. બ્રિજરાજે સગીરા, મહિલાને બળજબરી પૂર્વક સીગારેટ પીવડાવીને ધમકી આપી કે, અત્યારે તમે ગ્રાહકો પાસે જાવ. જો કે, મહિલાએ ના પાડતા રાજદિપસિંહે બિભત્સ શબ્દો બોલીને મારી નાંખવાની ધમકીઓ આપતો હતો. મહિલાએ પોલીસ કંટ્રોલરૂમ અને તેના મિત્રને મેસેજ કરીને જાણ કરી હતી. આ બાદ નિકોલ પોલીસે હોટલમાં દરોડો પાડીને બિજરાજસિંહની ધરપકડ કરી હતી. જયારે અન્ય છ શખ્સો ફરાર થઈ ગયા હતા.

# ખાંભામાં ટેલિગ્રામ મારફતે ૨૫ લાખ પડાવીને યુવતીને આપઘાતની ફરજ પાડનારા બે પકડાયા

## મેમ્બરશિપના નામે વિશ્વાસમાં લઈને નાણાં પડાવ્યા હતાઃ ઓનલાઈન છેતરપિંડીનું આંતરરાજ્ય રેકેટ ખુલવાની શક્યતા



**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં એક યુવતીએ કરેલ આત્મહત્યાના મામલામાં પોલીસ દ્વારા મહત્ત્વપૂર્ણ કામગીરી કરતા આ બનાવમાં મોટા રેકેટનો ખુલાસો કરવામાં આવ્યો છે. ખાંભા પોલીસે રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યમાંથી બે આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અને પોલીસ દ્વારા આરોપીની વધુ પુછપરછ ચાલી રહી છે. ગત ૧૬ જુલાઈના રોજ ખાંભા ખાતે એક ખાનગી બેંકમાં ફરજ બજાવતી ભૂમિકાબેન હરેશભાઈ સોરઠીયા નામની યુવતિએ આત્મહત્યા કરી હતી. આ બનાવને પગલે ભારે ચકચાર મચી જવા પામેલ હતી. આ બનાવમાં મૃતક યુવતિના પરિવારજનો દ્વારા જે તે સમયે ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ યુવતીએ આત્મહત્યા કરતાં પહેલાં લખેલી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં તેને મેમ્બરશીપના નામે વિશ્વાસમાં લઇને ટેલિગામ મારફતે યુવકો દ્વારા ૨૫ લાખ જેટલી મોટી રકમની છેતરપીંડી કરવામાં આવી હોવાની વિગતો મળી હતી.

આ બનાવમાં પોલીસ દ્વારા વધુ તપાસ કરીને પુષ્કરરાજ ધર્મેન્દ્રભાઈ નામના આરોપીને મધ્યપ્રદેશ ખાતેથી અને રોહિત ઉર્ફે ઝોન રામ ચંદ્રાણી નામના આરોપીને રાજસ્થાન ખાતેના જોધપુર ખાતેથી ઝડપી લેવામાં આવ્યા હતા. આ અંગે ડીવાયએસપી નયના ગોરડીયાએ જણાવ્યું હતું કે મૃતક યુવતિ સોશિયલ મીડિયાના ટેલિગ્રામમાં એક આરોપીના સંપર્કમાં આવી હતી. જેમાં આરોપીએ શરૂઆતમાં યુવતીને વળતર આપી અને તેને વિશ્વાસમાં લીતી હતી. જે બાદ પ્રીમિયમ અને મેમ્બરશીપ સહિતના અલગ અલગ બહાનાના બતાવીને આ યુવિત પાસેથી મોટી રકમ પડાવી હતી. જે બાદ વળતર ન આવતા આ યુવતી પર દેવું થઈ જતા તેણે આત્મહત્યા કરી લીધી હતી.

# આજીવસાહત નજીક મીરા ઉદ્યોગમાં યુવાનની હત્યાનો ભેદ ખુલ્યોઃ બાળ આરોપીની અટકાયત

## સૃષ્ટિ વિરૂધ્ધનુ કૃત્ય બાદ મોબાઈલની માંગ કરનાર યુવકનું ઢીમ ઢાળી દેવાયુ હતુંઃ વધુ એકની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજીવસાહત પાસેના મીરા ઉદ્યોગ સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ખેલ્લા પ્લોટમાંથી બે દિવસ પુર્વે ઓરીસ્સાના વતની અને હાલ નારોદાનગરમાં રહેતા યુવકની માથામાં પથ્થરના ઘા ઝીંકી હત્યાના બનાવમાં ક્રાઈમ બ્રાંચે બાળ આરોપીને ઉઠાવી લઈ તેની પુછતાછ કરતા હત્યાનો ભેદ ઉકેલાયો હતો. સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્ય બાદ મોબાઈલની માંગ કરી ઝઘડો કરતા કરતા બાળ આરોપી સહીતે પથ્થરના ઘા ઝીંકી ઢીમ ઢાળી દિધાનુ રટણ કરતા થોરાળા પોલીસે બાળ અરોપીની અટકાયત કરી વધુ એક આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ મીરા ઉદ્યોગ સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ખુલ્લા પ્લોટમાંથી તા.૪ના રોજ યુવકની પથ્થરના ઘા ઝીંકી હત્યા કરવાના બનાવમાં થોરાળા પોલીસ મથકના પીઆઈ જીએન વાઘેલા સહીતના સ્ટાફે તપાસ કરતા મૃતક મુળ ઓરીસ્સાનો અને હાલ રાજકોટમાં નારોદાનગરમાં ભાડે ઓરડીમાં રહેતો અને છુટક લાદી ઘસવાની મજૂરી કામ કરતો સુધીર ચોમારૂ સુના (ઉ.૩૫) હોવાનુ તેના ભાઈએ મૃતદેહ ઓળખી બતાવ્યા બાદ પોલીસે કિરણ સોસાયટીમાં રહેતા તેના ભાઈની ફરીયાદ પરથી અજાણ્યા શખસો સામે હત્યા સહીતનો ગુનો નોધી કાર્યવાહી કરી હતી.

દરમ્યાન ક્રાઈમ બ્રાંચે સીસીટીવીના આધારે એક બાળ આરોપીને ઉઠાવી લઈ તેની પુછતાછ કરતા તે અને વિકાશ નામના શખસ મીરા ઉદ્યોગ પાસેના પ્લોટમાં ગયા હતા ત્યારે સુધીર નામનો શખસ સાથે વિકાશ નામના આરોપીએ સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય આચર્યુ હતુ બાદમાં મરણ જનાર સુધીરએ બાળ આરોપી પાસેથી મોબાઈલની માંગ કરતા માથાકુટ થઈ હતી જેથી મોબાઈલ નહી આપતા સુધીરે ઝઘડા કર્યો હતો જેથી બન્ને સાથે મળીને તેની પથ્થરના ઘા ઝીંકી હત્યા કરી નાસી ગયા હોવાનુ રટણ કરતા પોલીસે તેની અટકાયત કરી અન્ય એક આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી હતી.

# કોટડાસાંગાણીના હડમતાળા ગામે દીવાલ ધસી પડતા આધેડનું મોત



**મુખ્ય સમાચાર, ગોંડલ**

હડમતાળા જીઆઈડીસીમાં કોસ્મો ટેક્રોકાસ્ટ પ્રા.લી.માં દિવાલ પાડવાનું કામ દરમિયાન અચાનક દીવાલ પડતા એકનું ઘટના સ્થળે મોત થયું હતું જયારે એકનો આબાદ બચાવ થયો હતો ઘટનાની જાણ કોટડા સાંગાણી પોલીસને થતાં દોડી જઈ મળતકને ગોંડલ સીવીલ હોસ્પિટલ ખાતે પી.એમ. અર્થે ખસેડી તપાસ હાથ ધરી હતી.પ્રાપ્ત થતી વિગતો મુજબ કોટડા સાંગાણી તાલુકાના હડતાળા ઈ ઉઈ વિસ્તારના કારખાનામાં હિટ ટ્રીટમેન્ટ ડિપાર્ટમેન્ટમાં જૂની દીવાલ બ્રેકર વડે બે વ્યક્તિ પાડી રહ્યા હતા.એ દરમિયાન બ્રેકરની ધળજારીથી અચાનક દિવાલમાં મોટું ગાબડું માથે પડતા મનસુખભાઈ માવજીભાઈ જાદવ ઉ.વ.૪૮ રહે જુનાગઢ પંચેશ્વર રોડ આર્યુવેદીક હોસ્પિટલ બાજુમાંનુ ઘટના સ્થળે મોત થવા પામ્યું હતુ જ્યારે તેમની સાથે કામગીરી કરતો પ્રતાપ બાબુભાઈ સોમાણી ઉ.વ. ૨૦ નો ચમત્કારી આબાદ બચાવ થવા પામ્યો હતો.મળતક મનસુખભાઈ માવજીભાઈ જાદવ છુટક મજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને સંતાનમાં ત્રણ પુત્રો હોવાનું જાણવા મળ્યું હતું ઘટનાની જાણ કોટડા સાંગાણી પોલીસને થતાં દોડી જઈ મળતકને શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ મારફત ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે પી.અર્થે ખસેડી કોટડાસાંગાણી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# પત્નીનાં પ્રેમીએ ધમકી આપતા પતિએ કહ્યું અમે બાપ-દીકરો આપઘાત કરીશું

## સુરતમાં પતિ, સંતાનોને મુકી વ્યભિચારી પત્ની પ્રેમી સાથે ભાગીઃ આપઘાત પાછળ પત્ની-તેનો પ્રેમી જવાબદાર રહેશે તેવું કહ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરત શહેરમાં પતિ-પત્ની ઓર વો નો કિસ્સો સામે આવ્યો છે જેમાં વ્યભિચારી પત્ની પ્રેમી સાથે ભાગી જતાં પતિ તેનો સંપર્ક કરી રહ્યો છે ત્યારે પત્નીના પ્રેમી દ્વારા મારી નાખવાની ધમકીઓ મળતા પતિ દ્વારા એક વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે. તેની પત્નીના વ્યભિચાર અંગે વાત કરી છે. સાથે કહ્યું છે કે, અમે બાપ-દિકરો દવા પી આપઘાત કરીલેશું તેના જવાબદાર મારી પત્ની અને તેનો પ્રેમી છે. આ વીડિયોથી ભારે ખળભળાટ મચી ગયો છે.

આ અંગેની મળતી માહિતી મુજબ ડીંડોલી વિસ્તારમાં વિક્રમ (નામ બદલ્યું છે) દીકરા અને દીકરી સાથે છેલ્લા ચાર મહિનાથી રહે છે. ૨૦૨૨માં તેના સોનલ નામની મહિલા સાથે લગ્ન થયા હતા. વિક્રમના પહેલા લગ્ન છે અને સોનલના બીજા લગ્ન છે. સોનલના પહેલા લગ્નથી એક દીકરી છે, જ્યારે વિક્રમ સાથે લગ્ન બાદ તેમને એક અઢી વર્ષનો દીકરો છે. લગ્ન બાદ પત્નીને ખૂબ જ સારી રીતે રાખતા વિક્રમ સાથે પણ કોઈ માન મર્યાદા રાખતી ન હતી અને વારે તહેવારે ઝઘડાઓ કરીને પિયર જતી રહેતી હતી.

જ્યારે પણ પત્ની પિયર જતી ત્યારે તેની માતા પણ તેમને સમજાવતી હતી અને માતાને કહેતી હતી કે મારે વિક્રમ સાથે રહેવું નથી, તમે મને જબરજસ્તી કરશો તો હું મારા પતિને જાનથી મારી નાખીશ. જેથી પિયર પક્ષવાળા પણ ગભરાઈ ગયા હતા. દરમિયાન પત્ની ખૂબ જ ફોનમાં વાતો કરતી અને ચેટિંગ કરતી હોવાથી પૂછપરછ કરતા તેની બહેનપણી અને મમ્મી હોવાના બહાનાઓ બતાવતી હતી. દરમિયાન તેને ટાઈફોડ થતા પિયર ગઈ હતી અને ત્યારે પણ તેની માતાએ વિક્રમને કહ્યું હતું કે, સોનલને ખૂબ જ ફોન આવે છે,જેથી તમે તેનો ફોન ચેક કરજો અને તેની પર નજર રાખજો. ટાઈફોડની બીમારીથી સાજા થયા બાદ સોનલ નવ એપ્રિલ ૨૦૨૫ના રોજ ઘરે આવી હતી. ત્યારે પતિ ઘરે હાજર ન હતો અને પત્ની સોનલ કબાટમાં બચત કરીને મુકેલા ૩૫૦૦૦ રોકડા અને ૨.૫૦ લાખ રૂપિયાના ઘરેણા સાથે મેરેજ સર્ટીફીકેટ, આધાર કાર્ડ, પાનકાર્ડ વધુ એક બેગમાં લઈને તેના પ્રેમી ચેતન સાથે ભાગ્યે ગઈ હતી.

# શહેરમાં હૃદયરોગના હુમલાથી વધુ ચાર લોકોના મોત

## પ્રૌઢ, બે આધેડ અને વૃદ્ધનું હોટએટેકથી મોત નિપજતા પરિવારજનોમાં ગમગીની



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ ચાર લોકોના શ્વાસ થંભી ગયા હોવાની ઘટના સામે આવી છે. જેમાં બેડીપરામાં પ્રૌઢ, નવાગામ અને બાબરીયા કોલોનીમાં બે આધેડ તેમજ કોઠારીયા કોલોનીમાં વૃધ્ધનું હૃદયરોગના હુમલાથી મોત નિપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, શહેરમાં બેડીપરા વિસ્તારમાં રહેતા રમેશભાઈ દેવાભાઈ મકવાણા, (ઉ.૪૩) પરોઢીયે પોતાના ઘરે હતાં ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતાં. જ્યાં ફરજ પરના તબીબે રમેશભાઈ મકવાણાનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હોવાનું જણાવતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક પાંચ ભાઈ ત્રણ બહેનમાં વચેટ અને અપરિણીત હતાં. બીજા બનાવમાં નવાગામ પોલીસ ચોકી પાસે આવેલા આવાસ યોજનાના ક્વાર્ટસમાં રહેતાં હનીફભાઈ રજાકભાઈ મુંદ્રા (ઉ.૫૧) સવારના સાડા છએક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતાં ત્યારે હૃદયરોગનો હુમલો આવતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક હનીફભાઈ બે ભાઈ ત્રણ બહેનમાં મોટા હતાં અને તેમને સંતાનમાં બે પુત્ર છે. હનીફભાઈ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતાં હતો. ત્રીજા બનાવમાં બાબરીયા કોલોનીમાં રહેતાં જતેન્દ્રભાઈ રમેશભાઈ રાઠોડ (ઉ.૫૬) પીપળીયા હોલ પાસે આવેલા કોપર આકેટમાં ચોથા માળે ચડયા હતાં. ત્યારે છાતીમાં દુખાવો ઉપડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં તેમનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. મૃતક આધેડ ત્રણ ભાઈ એક બહેનમાં મોટા હતાં અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

ચોથા બનાવમાં કોઠારીયા કોલોનીમાં રહેતા દિનેશભાઈ મગનભાઈ પીઠડીયા (ઉ.૬૮) પવનપુત્ર ચોક સામેની શેરીમાં સવારના આઠેક વાગ્યાના અરસામાં પલંગ પરથી પડી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતાં. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી વૃધ્ધનું હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

# આપઘાત કરવા માલગાડીના ડબ્બા પર ચડેલા માનસિક બિમાર તરૂણને બચાવી લેવાયો

## રેલ્વે જીઆરપી અને આરપીએફ સ્ટાફે સ્ટેશન માસ્તરની મદદથી વીજ કરંટ બંધ કરાવી કિશોરને નીચે ઉતાર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર રેલ્વે સ્ટેશન ના પ્લેટફોર્મ પર આવેલી માલગાડી ના ડબ્બા પર એક માનસિક બીમાર કિશોર આપઘાત કરવા માટે ચડી ગયો હતો જેથી રેલ્વે જીઆરપી અને આરપીએફ સ્ટાફે સમય સૂચકતા વાપરી સ્ટેશન માસ્તરની મદદથી ઈલેકટ્રીક વીજ કરંટ બંધ કરાવી માનસિક બીમાર કિશોર ને હેમખેમ નીચે ઉતારી તેના પરિવારનો સંપર્ક કરી પરિવારને સોંપી પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્ર સાર્થક કરી બતાવ્યું હતું.રેલ્વે જી.આર.પી સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ રેલ્વે સ્ટેશન પર આજે સવારે ૧૦/૪૦ વાગ્યા આસપાસ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૨ પર એક માનસિક બીમાર ૧૩ વર્ષીય કિશોર માલગાડી ટ્રેન ના ડબા પર આપઘાત કરવા માટે ચડી ગયો હોવાનું ધ્યાને આવતા રેલ્વે પી.આઈ એચ એમ રાણાની સુચનાથી જીઆરપી સ્ટાફ ના જવાનો તેમજ આરપીએફ ના જવાનો તાબડતોબ દોડી જઈ રેલ્વે ની વીજ લાઈનને બંધ કરાવવા સ્ટેશન માસ્તરને જાણ કરવામાં આવતા ગંભીરતા ધ્યાને લઈ તાત્કાલિક રેલ્વે નો આઈ વોલ્ટેજ વાયર નો વીજ કરંટ બંધ કરાવી દેવામાં આવ્યો હતો.

જીઆરપી અને આરપીએફ સ્ટાફે સંયુક્ત રીતે કિશોરને ડબ્બા પરથી નીચે ઉતારી તેની પાસે રહેલા પિતાના નંબર પરથી સંપર્ક કરી રેલ્વે સ્ટેશન બોલાવ્યા હતા અને પ્રાથમિક પૂછપરછ મા તેનું નામ સુજીત રાજેશભાઈ ચૌહાણ ઉંમર વર્ષ ૧૩ રહે ભગવતી પરા શેરી નંબર ૫ વાળો હોવાનું બહાર આવતા તેના પિતાને બોલાવી કિશોરને સોંપી રેલ્વે જીઆરપી અને આર પી એફ એ પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્ર સાર્થક કરી બતાવ્યું હતું. આ અંગેની કામગીરીમાં રેલ્વે જીઆરપીના પીઆઈ એમ.એચ. રાણા મધુરાજસિંહ, જયવીરસિંહ યોગીરાજસિંહ વિપુલભાઈ, પૃથ્વીરાજસિંહ, સિધ્ધરાજસિંહ દિવ્યરાજસિંહ, ભુપતભાઈ સહિતની ટીમ જોડાઈ હતી.